# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૧૦ : અંક ૯ ]  તંત્રી—ચીમનલાલ ગોકળદાસ શાહ  [ ક્રમાંક ૧૧૭

## વિ ષ ય – દ ર્શ ન


१ 'संगीत अने जैन साहित्य' के विषयमें कुछ विशेष बातें :
श्री अगरचन्दजी नाहटा  ટાઈટલ પાનું ૨

૨ ઘોઘાબંદરનાં જિનમંદિરો : પૂ. મુ. મ. શ્રી. ધુરંધરવિજયજી  ૧૬૫

૩ જૈનદર્શનનો અનેકાન્તવાદ : પં. અંબાલાલ પ્રેમચંદ શાહ.  ૧૬૯

४ जैन इतिहासमें कांगडा : डॉ. बनारसीदास जैन  १७१

૫ ધન સાર્થવાહ : પૂ ઉ. મ. શ્રી. સિદ્ધિમુનિજી  ૧૭૫

૬ કેટલાંક પ્રાચીન ઐતિહાસિક સ્થાનો : પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી  ૧૮૩

૭ આતરસુંબાસ્થ શ્રી વાસુપુજ્યજિનવિનતિ : કેપ્ટન એન. આર. દાણી  ૧૮૯

૮ પ્રવચન–પ્રશ્નમાલા : પૂ. આ. મ. શ્રી વિજયપદ્મસૂરિજી  ૧૯૨

९ 'आर्य वसुधारा' के सम्बन्धमें विशेष ज्ञातव्य : श्री अगरचन्दजी नाहटा  १९१


લવાજમ–વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક–ત્રણ આના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'संगीत अने जैन साहित्य'के विषयमें कुछ विशेष बातें

लेखकः—श्रीयुत अगरचंदजी नाहटा

'संगीत अने जैन साहित्य' शीर्षक लेख 'श्री जैन सत्य प्रकाश'के गत ८ वें अंकमें छपा है उसमें प्रो. हीरालालजी कापडियाने संगीत संबंधी जैन उल्लेखोंका निर्देश किया है। इस सम्बन्धमें जो विशेष बातें मेरी जानकारीमें हैं नीचे दी जाती हैं—

(१) इस सम्बन्धमें २ लेख पहले भी प्रकाशित हो चुके हैं: १—'भारतीय संगीतनुं ऐतिहासिक अवलोकन' लेखक—अध्यापक नारायण मोरेश्वर खरे, प्रकाशित 'पुरातत्त्व' वर्ष १ अंक ३, वर्ष २ अंक १ के पृ. २९ से ३५ तक जैन संगीत साहित्यकी चर्चा की है। २—'कुछ जैन ग्रन्थोंमें संगीत चर्चा' लेखक—वी. राघवन् एम, ए., पीएच. डी। प्रकाशक—'जैन सिद्धान्त भास्कर' भा. ७, किं. १।

(२) संगीत विषयक एक अन्य उपयोगी दिगम्बरीय जैन ग्रंथ "संगीत समयसार" त्रिवेन्द्रम् संस्कृत सिरिज त्रावणकोरसे प्रकाशित है। इसके रचयिता पार्श्वदेव हैं। इस ग्रंथका विशेष परिचय 'जैन सिद्धान्त भास्कर' के भा. ९ अं. २ भा. १० अं. १ में प्रकाशित है।

(३) सुधाकलशरचित संगीतोपनिषद्सार की ४ प्रतियें बीकानेर स्टेटकी अनूप संस्कृत लायब्रेरीमें विद्यमान हैं, जिनके आधारसे इसका संक्षिप्त परिचय इस प्रकार है—इस ग्रंथमें ६ अध्याय हैं जिनके नाम व श्लोकोंकी संख्या क्रमशः नीचे दी जाती है—

१ गीतप्रकाशनो प्रथमोध्याय, श्लोक ९४.
२ प्रस्तरादिसोपाश्रयतालप्रकाशनो नाम द्वितीयोध्याय, श्लोक ९८.
३ गणस्वररागादिप्रकाशप्रकाशनो तृतीयोध्याय, श्लोक १२७.
४ चतुर्विधवाद्यप्रकाशनो नाम चतुर्थोध्याय, श्लोक ९९.
५ नृत्यांगोपांगप्रत्यंगप्रकाशनो पंचमोध्याय, श्लोक १४१
६ नृत्यपद्धतिप्रकाश नाम षष्ठोध्याय, श्लोक १५२.

इस ग्रंथकी प्रशस्तिमें ही मूल संगीतोपनिषद् सं. १३८० में रचनेका उल्लेख है। मूल प्रति अभी मेरे अवलोकनमें नहीं आई। किसी सज्जनको प्राप्त हो तो उसका परिचय प्रकाशित करें।

(४) अन्य कई जैन विद्वान भी संगीतज्ञ हुए हैं, पर उन्होंने ग्रंथ नहीं बनाये, जिनमें नरचंद्रसूरिजीके संगीतज्ञ होनेका उल्लेख उपर्युक्त 'संगीतोपनिषद्सार' में ही पाया जाता है। उपकेशगच्छप्रबंधसे ज्ञात होता है कि देवगुप्तसूरि वीणावादनमें बडे ही आसक्त थे। श्रीसंघके निषेध करने पर भी अपनी संगीतप्रियताके कारण उसे न छोड सके इसी लिये अंतमें अपने पद पर कक्कसूरिको स्थापित किया, स्वयं पद त्याग कर लाट देशमें चले गये।

अभी थोडे वर्ष पहले बीकानेरके कई यति संगीतके विशेषज्ञ माने जाते थे। उनके बनाये हुए रागरागिणीके पद आज भी जैनेतर संगीतज्ञ भी बडे प्रेमसे गाते हैं। जिनसमुद्रसूरि आदिने रचित रागमाला भी उपलब्ध है। समयसुंदरजीने जिनचन्द्रसूरिगीतमें ३६ रागिणीके नामोंका समावेश किया है. व अन्य एक स्तवनमें ४४ रागोंका नामनिर्देश किया है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

| वर्ष १० | વિક્રમ સં. ૨૦૦૧ : વીરનિ. સં. ૨૪૭૧ : ઈ. સ. ૧૯૪૫ | क्रमांक |
| --- | --- | --- |
| अंक ९ | જેઠ શુદિ પ્ર. ૬ : શુક્રવાર : ૧૫ મી જુન | ११७ |


## ઘોઘાબંદરનાં જિનમંદિરો

લેખક—પૂજ્ય મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુની પ્રભાવપૂર્ણ પ્રતિમાથી શોભતું ઘોઘા નગર સાગર કિનારે વસેલું છે. એક સમયે જેના કિનારે સેંકડો જહાજો નંગરાતાં, જ્યાં વેપાર ધમધોકાર ચાલતો, જેની જાહોજલાલી દેશવિદેશ પ્રસિદ્ધ હતી, જ્યાંની ઉન્નતિ અને સમૃદ્ધિ સમજાવતી 'લંકાની લાડી ને ઘોઘાનો વર' 'હીરો ઘોઘે જઈ આવ્યો ને ડેલે હાથ દઈ આવ્યો' વગેરે કહેવતો ગવાતી, જ્યાં જૈનધર્મની જાગૃતિ પૂર્ણ જોશમાં હતી, એ જ ઘોઘાની સ્થિતિ આજે ખેદજનક છે. જ્યાં મોટીમોટી મહેલાતો હતી ત્યાં ખંડેરો છે, જ્યાં જનતા કલરવ કરતી હતી ત્યાં પક્ષીના શબ્દો પણ નથી સંભળાતાં. છતાં પુણ્યસંયોગે શ્રી જિનેશ્વર પ્રભુનાં પ્રાચીન સાત મન્દિરો તથા ભક્તિભાવથી મન્દિરોની સાચવણી કરનારા શ્રાવકોના લગભગ ૭૫ ઘર ઘોઘામાં છે. હાલ પણ તે તીર્થની યાત્રા કરતાં ઉલ્લાસ અને આનન્દ જાગે છે. આ લેખમાં તે મન્દિરોનો પરિચય અને જાણવા યોગ્ય ઐતિહાસિક હકીકતોનું ટૂંક દિગ્દર્શન કરાવવામાં આવે છે.

**૧. શ્રી નવખંડા પાર્શ્વનાથજીનું મન્દિર**—ગામના મુખ્ય ભાગમાં આ વિશાળ મન્દિર આવેલ છે. તેમાં પ્રવેશ કરતાં આપણે એક મહાન્ રાજદરબારમાં પેસતાં હોઇએ એવો ભાવ જાગે છે. ધોલેરાનું, મહુવાનું અને ઘોઘાનું આ મન્દિર—એમ ત્રણે દેરાસરો એક જ શિલ્પિએ—કારીગરે બનાવ્યા હોવાનું કહેવાય છે. તે ત્રણેની બાંધણી પણ એક સરખી છે. વિશાળ શિખર અને વિશાળ રંગમંડપવાળું આ મન્દિર દૂરદૂરથી પણ આંખને આકર્ષે છે. મૂળનાયક શ્રી નવખંડ પાર્શ્વનાથજી છે. તે પ્રતિમા સંબન્ધી હકીકત આ પ્રમાણે સંભળાય છે. વર્ષોપૂર્વે—ભાવનગર શહેર વસ્યું તેથી પણ અગાઉ—વડવાના એક કુવામાં આ પ્રતિમાજી હતાં. શાસનદેવે એક ભકતને સ્વપ્ન આપ્યું કે જુદાજુદા નવખંડવાળા આ પ્રતિમાજી કુવામાંથી બહાર કાઢી નવ દિવસ સુધી નવમણ ફાડાની લાપસીમાં (કંસારમાં) ભંડારી રાખવા એટલે તે નવે ખંડો સંધાઇને પ્રતિમાજી અખંડ થઈ જશે. ભકતે તે પ્રમાણે કર્યું. પરંતુ ગણત્રી ફેરે–જનતાના આગ્રહથી નવ દિવસ પૂરા થયા પછી કાઢવાને બદલે નવમે દિવસે જોયું ને પ્રતિમાજી બહાર કાઢયાં. જોકે નવે ખંડ સંધાઈ ગયેલા પરંતુ એક દિવસની ન્યૂનતાને કારણે સાંધાઓના આંકાઓ પણ ન દેખાવા જોઈએ તે દેખાય છે. હાલ પણ તે નવે નવ આંકાઓ સ્પષ્ટ જણાય છે. કાળાન્તરે તે પ્રતિમાજી ઘોઘામાં પધાર્યા. હાલ ભાવનગરમાં શ્રી આદીશ્વર ભગવાનનું બિમ્બ છે તે ઘોઘાથી આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજુ પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનદેવી પદ્માવતીજી ભાવનગર મોટા મન્દિરમાં છે, ને શ્રી આદિનાથ પ્રભુના શાસનદેવી ચક્રેશ્વરીજી ઘોઘાના મન્દિરમાં છે.

શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુ કયારે પ્રકટ થયા ને ઘોઘામાં ક્યારે પધાર્યા તેની ચોક્કસ માહીતી કંઈ પણ પ્રાપ્ત થતી નથી. પણ છેલ્લા ત્રણ સો વર્ષથી તે બિમ્બ ઘોઘામાં વિરાજે છે. એટલે તે પૂર્વે પ્રકટ થયા હોવાનું સહજ છે. ૧૭૧૭ની સાલમાં ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે 'સમુદ્રવહાણ સંવાદ' ઘોઘામાં રચ્યો, તેમાં શ્રી નવખંડ પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરેલ છે. સં. ૧૭૨૦ની સાલમાં અહીં ચાતુર્માસ રહેલ ઉપાધ્યાય શ્રીકુંઅરવિજયજી ગણિના ઉપદેશથી સકલ સંઘે ભરાવેલ ધાતુમય તીર્થપટ્ટના લેખમાં શ્રીનવખંડા પાર્શ્વનાથનો ઉલ્લેખ છે. તે લેખ આ પ્રમાણે છે.

**संवत् १७२० वर्षे आसो वदि १३ हस्तार्के श्री घोघाबन्दिरवास्तव्यसकलसङ्घेन कारितस्तीर्थपट्टः ॥ प्रतिष्ठितः श्रीतपागच्छनायक भट्टा० श्री ५ श्री विजयदेवसूरीश्वर-पट्टालङ्कार सकलभट्टारकशिरोमणि भट्टारक श्री ५ श्री विजयप्रभसूरिभिः । उपदेशात् महोपाध्याय श्री ५ श्री धनविजयगणि-तच्छिष्य सकल-(पाठक)वाचकशिरोमणि उपाध्याय श्री ५ श्री कुंअरविजयगणि चातुर्मासिकस्थितेन। श्रीनवखण्डपार्श्वनाथप्रसादात् । श्रियेऽस्तु ।**

આ પટ્ટ ઘણો દર્શનીય છે. તેના મધ્ય ભાગમાં સમવસરણ છે. તેની જમણી બાજુમાં શ્રી શત્રુંજય તીર્થ અને આબુ તીર્થ છે. ડાબી બાજુમાં ગિરિનારજી, અષ્ટાપદાવતાર અને સમેતશિખર તીર્થ છે. ઉપરના વિભાગમાં વીશ વિહરમાન જિન અને નીચેના ભાગમાં શ્રી નવપદજી છે. ૨૮૦ વર્ષ પૂર્વે ભરાયેલ-રમણીય-ધાતુમય આ પટ્ટ કાળક્રમે ઘસાઈ ગયેલ છે. છતાં બારીકાઈથી તપાસતાં સર્વ સ્પષ્ટ દેખાય છે. દરેક તીર્થ ઉપર નામ પણ લખેલ છે.

આ મન્દિરમાં અન્ય પણ પ્રાચીન અને ચમત્કારિક બિમ્બો દર્શનીય છે.

**૨. શ્રી નેમિનાથ પ્રભુનું મન્દિર**—શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુના મન્દિરની સન્મુખ શ્રીનેમિનાથ પ્રભુનું મંદિર છે. તેમાં પણ પ્રતિમાજીનો પરિવાર સારા પ્રમાણમાં છે. બીજું હાલમાં ૨૦-૨૫ વર્ષ પૂર્વે ઘોઘાથી માઇલ-દોઢ માઇલ દૂર દરિયામાં આવેલ પીરમબેટમાંથી ખડક ઘોવાતાં એક ભોંયરૂ પ્રકટ થયું ને તેમાંથી ઘણી પ્રાચીન વસ્તુઓ નીકળી, તે સાથે ધાતુનાં ૪૦ બિમ્બો પણ પ્રકટ થયાં હતાં, તે પણ આ મન્દિરમાં પધરાવવામાં આવ્યાં છે. તેમાંનાં ઘણાખરાં બિમ્બો ૧૨મા ને ૧૪મા સૈકાના શ્રીરત્નપ્રભસૂરિજી વગેરે પ્રાભાવિક પુરુષોએ પ્રતિષ્ઠિત કરેલ છે. પ્રતિમાઓ મોટે ભાગે શ્રી પાર્શ્વનાથ પ્રભુની છે. દરેક પ્રતિમાની બેઠક ઘણી ભવ્ય અને આકર્ષક છે.

**૩. શ્રી સમવસરણનું મન્દિર**—શ્રી નેમિનાથ પ્રભુના મન્દિરની જમણી બાજુ ઉત્તર દિશામાં સમવસરણનું મન્દિર છે. તેમાં એક ધાતુમય રમણીય સમવસરણ છે ને પાષાણનું એક સમવસરણ તેની જ બાજુમાં છે. બન્ને ઉપર લેખ છે. તેમાં એક લેખ સ્પષ્ટ છે. અને બીજો ઘણો જ અસ્પષ્ટ છે. ધાતુનું સમવસરણ સંવત્ ૧૫૧૧માં ગાંધારના સંઘે કરાવેલ છે. કાળક્રમે ગાંધારની અવનત સ્થિતિમાં અહીં આવેલ હોવા સંભવ છે. સમુદ્રમાર્ગે ઘોઘાથી ગાંધાર બહુ નજીક થાય છે. બન્નેની ઉન્નત દશામાં અવરજવર-વ્યાપાર વગેરે સારો હતો. તે સમવસરણ ઉપરનો લેખ આ પ્રમાણે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**"स्वस्ति श्री संवत् १५११ वर्षे माघ शुदि ५ गुरौ गन्धारमन्दिरे श्रीमहावीरप्रासादे समवसरणं समस्तश्रीसङ्घेनकारितम् ॥**

આ મન્દિરમાં આ બાજુ બે આચાર્યની મૂર્તિઓ છે. તે પણ ઘણી પ્રાચીન છે. તેમાંની એક સં. ૧૩૫૪માં મોઢજ્ઞાતીય શ્રાવકે ભરાવેલ છે. તેના પર લખેલ લેખ મુશ્કેલીથી નીચે પ્રમાણે વાંચી શકાય છે.

**सं. १३५४ वर्षे पोष वदि ५ शनौ श्री मोढज्ञातीय.........चन्द्रसूरीणां मूर्तिः ।**

આ લેખમાં ' ચન્દ્રસૂરીણાં 'ની શરૂઆતમાં બેત્રણ અક્ષરો ઘણા જ અસ્પષ્ટ છે. બહુ બારીકાઈથી જોતાં **श्रीहे** એમ હોવાની કલ્પના કરી શકાય છે. એટલે આ મૂર્તિ શ્રીહેમ-ચન્દ્રસૂરિજીની હોવા સંભવ છે. મોઢ જ્ઞાતીએ ભરાવેલ છે, તે પણ તેમાં વિશેષ સંગત થાય છે.

બીજી મૂર્તિ શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજની છે. તેના પર લેખ આ રીતે છે.

**.........श्रीदेवप्रभसूरिशिष्य श्री धर्मघोषसूरीणां मूर्तिः । मा. साह्लणभार्या-लाछिश्रेयसि पद्मलया कारिता।**

આ મૂર્તિની આજુબાજુ ચાર સાધુઓની આકૃતિઓ કોરેલ છે. પૂ. આચાર્ય મહા-રાજશ્રીની આસપાસ શિષ્યો કઈ રીતે બેસતાં તેનો આ આકૃતિઓ જોતાં ખ્યાલ આવે છે. તેના ઉપર નામ પણ લખેલ છે.

**૪. ૫. શ્રીસુવિધિનાથ અને શ્રીશાંતિનાથનું મન્દિર**—શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુના મન્દિરની ડાબી ને જમણી બાજુમાં આ બન્ને મન્દિર આવેલ છે. બન્નેમાં પ્રતિ-માજીનો પરિવાર સારો છે. શ્રીસુવિધિનાથ પ્રભુનાં પ્રતિમાજી ઘણા વર્ષો પૂર્વે ભોંયરામાં હતાં, તે ક્યારે મન્દિર કરી બહાર પધરાવવામાં આવ્યાં તે કાંઈ ઉપલબ્ધ નથી.

આ પાંચે મન્દિરો એક સાથે છે. જે સ્થાનમાં આ મન્દિરો છે તે સ્થાન ઘણું વિશાળ અને રમણીય છે. શ્રીનેમિનાથ પ્રભુના મન્દિરની બન્ને બાજુ લાંબી પરસાળ છે. તેમાં એક બાજુ સામાન વગેરે રાખવામાં આવે છે, બીજી બાજુ ચન્દન-સુખડ ઘસાય છે. ત્યાં એક ભોંયરૂં છે. તે ઘણું ઊંડું અને વિશાળ છે. તેમાં પૂર્વે સુવિધિનાથ પ્રભુ હતા. નીચેના લેખ ઉપરથી એ સ્પષ્ટ જણાય છે.

**। संवत १७७६ वर्षे फाल्गुन शुदि ९ दिने भ० श्री विजयक्षमासूरिराज्ये पं. रूपविजय पं. भीमभक्तउपदेशात् गोघाबन्दिरे मीठा सुन्दरनी शेठाई मध्ये सङ्घ आदेशात् दे. चु. धर्मशी वोरा सखजी सिंगजीकेन देवद्रव्येण भोयरं समरापितं भ० श्री विजयरत्नसूरीश्वरशिष्य वाचक श्रीदेवविजयेन संवत् १७८१ का. शुदि १३ दिने भोंयरपति श्री ८ श्री सुविधिनाथ पधरावितं श्रीः ।**

આ લેખ ભોંયરામાં એક ગભારામાં ઉત્તર દિશાની દિવાલના ઉપરના ભાગમાં છે. લેખમાં જાણવા જેવી કેટલીક હકીકતો ઘણી વિશિષ્ટ છે. ઘોઘામાં શેઠ કાળા મીઠાની પેઢી છે. સંઘનો સર્વ વહીવટ એ પેઢી હસ્તક છે. તે કાળા મીઠા કોણ ? એ એક અત્યારસુધી અણઉકેલ કોયડો હતો. ને તે અંગે જુદી જુદી કલ્પનાઓ થતી હતી. કોઈ કહેતું કે શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુ કાળા–શ્યામ છે ને ભક્તને મીઠા ફળ આપે છે. માટે શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી વગેરેની માફક શેઠશ્રી કાળા મીઠાની પેઢી એવું નામ રાખેલ છે. વળી કેટલાએક કહેતાં કે કાળા મીઠા નામના ગૃહસ્થે પોતાની સર્વ સમ્પત્તિ સંઘને અર્પણ કરીને પોતાનું નામ રખાવેલ છે, પણ તે માટે કાંઈ પણ પૂરાવો નથી. પરંતુ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખથી સત્ય વસ્તુ આ પ્રમાણે છે. પૂર્વે અહીં મીઠા સુન્દરજીની શેઠાઈ હતી. તેમના પુત્ર કાળા મીઠા થયા, ને તેમના નામની પેઢી સ્થપાણી જે હજુ પણ ચાલે છે.

બીજું આ લેખમાં—અમુક આચાર્યના રાજ્યમાં—અમુકની શેઠાઈ મધ્યે, સંઘના આદેશથી વગેરે જે લખેલ તે ઘણું જ મહત્ત્વનું છે. પૂર્વે એ બંધારણ ઘણું જ વ્યવસ્થિત હતું. શાસનના સમ્રાટ્ આચાર્ય ભગવંતનોનું સર્વત્ર શાસન ચાલતું. ગામેગામ નગરશેઠોનું સારૂં વર્ચસ્વ હતું. સંઘની–મહાજનની આજ્ઞાને સહુ કોઈ માન્ય રાખતું. કોઈને કંઈ પણ કાર્ય કરવું હોય તો ત્યાંના નગરશેઠની અનુજ્ઞાની અપેક્ષા રખાતી, ને તેથી મર્યાદા બહુ સારી સચવાતી. હાલ ધર્મ અને વ્યવહારમાં જે શિથિલતા–સ્વેચ્છાચાર જોવામાં આવે છે, તેમાં પૂર્વનું બંધારણ નિર્બળ થયું–કરાયું એ જ પ્રધાન કારણ છે. વ્યવસ્થિત બંધારણ સિવાય લૌકિક રાજ્યના પાયાઓ પણ હચમચી જાય છે તો ધાર્મિક સામ્રાજ્ય માટે તો કહેવું શું ? માટે તેને–તેના બંધારણને મજબૂત રાખવા–સતત પ્રયત્ન કરવો જોઈએ.

આ બન્ને પરસાલના ઉપરના ભાગમાં વિશાળ અને ઊંચા બે કુરજા છે. તે ઘણા મનોહર છે. ત્યાંથી દૂર દૂર દૃષ્ટિ ફેંકી શકાય છે. સાગરની રમણીયતા અહીંથી બરાબર દેખાય છે. કવિઓને પ્રેરણા આપે એવું એ સ્થળ છે. ન્યાયવાચસ્પતિ–સિદ્ધાન્તવિશારદાચાર્ય શ્રી વિજયદર્શનસૂરિજી મહારાજે ન્યાયખંડનખાદ્ય ઉપર રચેલ કલ્પલતા નામની ટીકાનો મોટો ભાગ આ સ્થળે લખેલ છે. આ પાંચે મન્દિરોના બહારના ભાગમાં એક તરફ શેઠ કાળા મીઠાની પેઢી બેસે છે. નજીકમાં એક ઉપાશ્રય છે. ખડકીને માથે ચોઘડીયા બેસવાનું સુન્દર ને રમણીય સ્થાન છે. ત્યાં જ્યારે ચોઘડીયા વાગતાં હોય છે ત્યારે સાંભળનાર થંભી જાય એવી સરસ જમાવટ થાય છે.

**૬. શ્રી ચન્દ્રપ્રભુસ્વામીનું મન્દિર—**

અહીંનાં સર્વ મન્દિરોમાં સૌથી પ્રાચીન આ મન્દિર હોવાનું કહેવાય છે. મન્દિરની આગળ વિશાળ ચોક છે. મન્દિરની બાંધણી જોતાં મહારાજા કુમારપાલે બંધાવેલ હોય એમ જણાય છે. આજુબાજુ ખાસ વસ્તી નથી. એકાન્તમાં આવેલ છે. નાની બારીમાં થઈને અન્દર પ્રવેશ કરાય છે. ત્યાં કોઈ ભવ્યાત્મા સ્થિર થઈ ધ્યાન ધરે તો શીઘ્ર એકાગ્ર થઈ જાય એવું ત્યાંનું વાતાવરણ છે. શ્રીચન્દ્રપ્રભુજીના પ્રતિમાજી પણ સુંદર ને આકર્ષક છે. ત્યાં એક બાજુ ગોખમાં શ્રી દેવસૂરિજી મહારાજની પાદુકા છે, તેના પર નીચે પ્રમાણે લેખ છે—

**। भ० श्री विजयसेनसूरिगुरुभ्यो नमः । संवत् १७१६ वर्षे कार्तिक शुदि १३ सोमे सं. सषरभार्या काकबाई–दिववास्तव्य परमरार–भट्टा० श्री ५ श्री श्री श्री विजदेवसूरीश्वरपादुका कारापिता । तत्पट्टालङ्कार भट्टा० श्री ५ श्री विजयप्रभसूरिभिः प्रतिष्ठिता । श्री तपागच्छे पं. श्री शान्तिविजयशिष्य पं. श्री देवविजगणि–मेघविजयम–पदेशात् ॥**

બીજાં પણ પ્રતિમાજી વગેરે અહીં દર્શનીય છે.

**૭. શ્રી જીરાવલા પાર્શ્વનાથનું મન્દિર—**

ગામની દક્ષિણ દિશાએ આ મન્દિર આવેલ છે. મન્દિર રમણીય અને વિશાળ છે. ૧૮૨૨ ની સાલના બે શ્રીસિદ્ધચક્રજીના ગટ્ટા ત્યાં દર્શનીય છે. ૧૩૫૭ ની સાલની એક આચાર્ય મહારાજની સુંદર મૂર્તિ પણ અહીં છે. તે સ્થિર કરેલ હોવાથી ને આજુબાજુ પ્રતિમાજી મહારાજ હોવાથી લેખ વાંચી શકાતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રમાણે આ સાત મન્દિરો અને વિશાળ ઉપાશ્રયો વગેરે ઘણાં મકાનોની મિલ્કત પેઢી પાસે છે. બીજા પણ વિશાળ ધાર્મિક સ્થાનો અહીં છે. શેઠશ્રી આણંદજી કલ્યાણજીની બે ધર્મશાળાઓ છે. એક તો સમુદ્ર કિનારે જ છે. હરકોર શેઠાણી અહીંના હતાં, તેમનો પણ વિશાળ વંડો અહીં છે. ઉપાશ્રયમાં પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો ભંડાર દર્શનીય છે. સમયના પ્રવાહે હાલ તો ઘોઘાની પરિસ્થિતિ નબળી છે. ભવિષ્યમાં પૂર્વ જેવી જાહો-જલાલીને અનુભવે અને સજ્જનજનમનઆનન્દકારી બને એ જ અભિલાષા.

**દાદાસાહેબ, ભાવનગર.** વિ. સં. ૨૦૦૧ના વૈ. શુ. ૧૫ને રવિવાર.

# જૈનદર્શનનો અનેકાન્તવાદ

અનુવાદક:—**શ્રીયુત પં. અંબાલાલ પ્રેમચંદ શાહ, અમદાવાદ.**

[ હિન્દીમાં મૂળ લેખક-શ્રી મંગલદેવ શાસ્ત્રી. એમ. એ., ડી. ફીલ (ઓકસન)

"ન્યાયકુમુદચન્દ્ર" ભાગ ૨ નું આદિવચન. ]

**ભારતીય** દર્શનશાસ્ત્રનો ઇતિહાસ અતિ પ્રાચીન છે. ભિન્નભિન્ન સમયમાં અધિકારી-ભેદથી અનેક દર્શનોનું ઉત્થાન આ દેશમાં થયું છે. દશ્ય જગતના સંપર્કથી વિભિન્ન પરિસ્થિતિના કારણે મનુષ્યના હૃદયમાં જે અનેક પ્રકારની જિજ્ઞાસાઓ ઉત્પન્ન થાય છે, તેનું સમાધાન કરવું એ જ કોઈ પણ દર્શનનું મુખ્ય લક્ષણ હોય છે. જિજ્ઞાસાભેદથી દર્શનોનો ભેદ સ્વાભાવિક છે. ભારતીય દર્શનોમાં જૈનદર્શનનું પણ એક પ્રધાન સ્થાન છે. એનું અમારી સમજમાં એક મુખ્ય વૈશિષ્ટ્ય એ છે કે તેના આચાર્યોએ પ્રચલિત પરમ્પરાગત વિચાર અને રૂઢિઓથી પોતાને અલગ કરીને સ્વતંત્ર દૃષ્ટિથી દાર્શનિક પ્રમેયોના વિશ્લેષણની ચેષ્ટા કરી છે. અમે અહીં વિશ્લેષણ શબ્દનો પ્રયોગ જાણી જોઇને કરી રહ્યા છીએ. વસ્તુ-સ્થિતિમાં એક દાર્શનિકનું કાર્ય જેવી રીતે એક વૈયાકરણ શબ્દનું વ્યાકરણ અર્થાત્ વિશ્લે-ષણ, ન કે નિર્માણ–કરે છે તેવી જ રીતે પદાર્થોના સંબંધથી ઉત્પન્ન થનારા આપણા વિચારો અને તેના સંબંધોના રહસ્યોનું ઉદ્ઘાટન કરવાનું હોય છે. 'પદાર્થોની સત્તા અમારા વિચારથી નિરપેક્ષ, સ્વતઃ સિદ્ધ છે.' આ સિદ્ધાંતને પ્રાયઃ લોકો ભૂલી જાય છે. આપણે જાણીએ છીએ કે જૈનદર્શનનો અનેકાન્તવાદ, જેને કે તેની મૂલ ભિત્તિ કહી શકાય તેમ છે તે ઉપર્યુક્ત મૂલ સિદ્ધાન્તને લઈ ને જ પ્રવૃત્ત થયો છે.

અનેકાન્તવાદનો મૌલિક અભિપ્રાય એ જ થઈ શકે છે કે તત્ત્વના વિષયમાં આગ્રહ ન રાખવા છતાં યે તેના વિષયમાં તત્તદવસ્થાભેદના કારણે દૃષ્ટિભેદનો સંભવ છે. આ સિદ્ધાન્તની મૌલિકતામાં કોને સંદેહ થઈ શકે છે? શું આપણે—

" **श्रुतयो विभिन्नाः स्मृतयो विभिन्ना नैको मुनि-**
**र्यस्य मतं न भिन्नम्** "–[ **महाभारत** ]
" **यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः** "
**अविज्ञातं विजानतां विज्ञातमविजानताम्** [ **केनोपनिषद् २।३** ]

ઇત્યાદિ વચનોના મૂલમાં અનેકાન્તવાદ જ પ્રતિપાદક નથી કહી શકતા? દર્શન શબ્દ જ સ્વતઃ દૃષ્ટિભેદના અર્થને પ્રગટ કરે છે. આ અભિપ્રાયથી જૈનાચાર્યોએ અનેકાન્ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાદ દ્વારા દાર્શનિક આધાર પર વિભિન્ન દર્શનોમાં વિરોધભાવનાને હઠાવીને પરસ્પર સમન્વય સ્થાપિત કરવાનો એક સત્પ્રયત્ન કર્યો છે.

અનેક અવસ્થાઓથી બદ્ધ, સદૈવ વિભિન્ન દૃષ્ટિકોણોથી જોવાનો અભ્યાસી મનુષ્ય–આપણે કોઈ પદાર્થના અખંડ મૂલ સ્વરૂપને સાચા અર્થમાં '**गुहाहितं गह्वरेष्ठं पुराणम्**" કહી શકીએ છીએ. "**पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि**'' [ **यजुर्वेद पुरुषसूक्त** ]. આ વૈદિક શ્રુતિનું પણ વાસ્તવિક તાત્પર્ય એ જ છે. એમાં સંદેહ નથી કે જૈનદર્શનમાં પ્રતિપાદિત અનેકાન્તવાદના આ મૌલિક અભિપ્રાયને સમજવાથી દાર્શનિક જગતમાં પરસ્પર વિરોધ તથા કલહની ભાવનાઓના નાશથી પરસ્પર સૌમનસ્ય અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપિત થઈ શકે છે.

જૈનધર્મનું ભારતીય સંસ્કૃતિને મોટામાં મોટું દાન અહિંસાવાદ છે. જો કે વાસ્તવમાં એને દાર્શનિક ભીંત પર સ્થાપિત એકાન્તવાદનો જ નૈતિકશાસ્ત્રની દૃષ્ટિએ અનુવાદ કહી શકાય. ધાર્મિક દૃષ્ટિએ જો અહિંસાવાદને જ જૈનધર્મમાં પ્રથમ સ્થાન દેવું આવશ્યક હોય તો અમે અનેકાંતવાદને જ તેનો દાર્શનિક દૃષ્ટિએ અનુવાદ કહી શકીએ. અહિંસા શબ્દનો અર્થ પણ માનવીય સભ્યતાના ઉત્કર્ષાનુત્કર્ષની દૃષ્ટિથી ભિન્ન ભિન્ન કરી શકાય છે. એક સાધારણ મનુષ્યના સ્થૂલ વિચારોની દૃષ્ટિથી હિંસા કોઈનો પ્રાણ લેવામાં જ થઈ શકે છે. કોઈના ભાવોને આઘાત પહોંચાડવાને તે હિંસા ન કહે. પરંતુ એક સભ્ય મનુષ્ય તો વિરુદ્ધ વિચારોની અસહિષ્ણુતાને પણ હિંસા જ કહેશે. તેનો સિદ્ધાન્ત તો આ જ હોય છે કે—

" अभ्यावहति कल्याणं विविधं वाक् सुभाषिता ।
सैव दुर्भाषिता राजन् ! अनर्थायोपपद्यते ॥
वाक्सायका वदनान्निष्पतन्ति यैराहतः शोचति रात्र्यहानि ।
परस्य नामर्मसु ते पतन्ति तान् पण्डितो नावसृजेत् परेभ्यः ॥ "

[ विदुरनीति २ । ७७, ८० ]

સભ્ય જગતનો આદર્શ વિચારસ્વાતન્ત્ર્ય છે. આ આદર્શની રક્ષા અહિંસાવાદ ( હિંસા–અસહિષ્ણુતા ) દ્વારા જ થઇ શકે છે. વિચારોની સંકીર્ણતા અથવા અસહિષ્ણુતા ઈર્ષા-દ્વેષની જનની છે. આ અસહિષ્ણુતાને અમે કોઇ અંધકારથી ઓછી નથી સમજતા. આજે આપણા દેશમાં જે અશાંતિ છે તેનું એક મુખ્ય કારણ આ જ વિચારોની સંકીર્ણતા જ છે. પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં મળી આવતો **आनृशंस्य** શબ્દ પણ આ જ અહિંસાવાદનો દ્યોતક છે. આ પ્રકારના અહિંસાવાદની આવશ્યકતા સમસ્ત જગતને છે. જૈનધર્મ દ્વારા આમાં ઘણીખરી સહાયતા મળી શકે છે. ઉપર્યુક્ત દૃષ્ટિથી જૈનધર્મ ભારતીય દર્શનોમાં પોતાનું એક વિશિષ્ટ સ્થાન રાખે છે.

ચિરકાલથી અમારી એ જ હાર્દિક ઇચ્છા રહી છે કે આપણા દેશમાં દાર્શનિક અધ્યયન સાંપ્રદાયિક સંકીર્ણતાથી નીકળીને વિશુદ્ધ દાર્શનિક દૃષ્ટિથી કરવામાં આવે. અને તેમાં દાર્શનિક સમસ્યાઓને સામે રાખીને તુલનાત્મક તથા ઐતિહાસિક દૃષ્ટિનો યથાસંભવ અધિકાધિક ઉપયોગ થાય. આ પદ્ધતિના અવલંબનથી ભારતીય દર્શનનો ક્રમિક વિકાસ સમજાઈ શકે અને દાર્શનિક અધ્યયનમાં એક પ્રકારની સજીવતા આવી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन-इतिहासमें कांगड़ा[1]

लेखकः--डा. बनारसीदासजी जैन लाहौर

पंजाबमें जैनधर्म संबन्धी जो यत्किंचित् सामग्री इस समय तक प्राप्त हुई है, उसके आधार पर यह बात निश्चयपूर्वक कही जा सकती है कि यहां जैनधर्मका आगमन बहुत प्राचीन कालमें हो गया था और यहां इसका इतिहास भी बड़ा उज्ज्वल और गौरवशाली रहा है।[2] इसके मानने वाले अधिकतर व्यापारी या राज-कर्मचारी रहे हैं जिनके मूल पुरुष यहांके वासी नहीं थे। पंजाबमें जैनधर्म देशव्यापी कभी नहीं हुआ, अर्थात् यहांकी साधारण जनतामें इसका प्रचार नहीं हुआ। लेकिन फिर भी यहांकी जनता जैनधर्मसे सर्वथा अपरिचित भी न रही थी क्योंकि जैन साधु ग्रामोंमें ठहरते हुए और उपदेश देते हुए विहार करते थे। इससे कई भव्य ग्रामीण पुरुष इस धर्मसे परिचित हो जाते और कुछ अंशों तक इसका पालन भी करते थे। इसके अतिरिक्त यति या "पूजों"ने भी नगरों और कस्बोंमें अपने डेरोंका जाल बिछाया हुआ था। ये लोग वैद्यक और ज्योतिषकी प्रैक्टिस करते थे। इनके द्वारा भी ग्रामीण जनताको जैनधर्मका कुछ २ परिचय हो जाता था।[3]

पंजाबमें मिले हुए जैनधर्मके प्राचीन अवशेष यह प्रकट करते हैं कि यहां भिन्न २ समय पर जैनधर्मके भिन्न २ केन्द्र थे। जैसे-तक्षशिला, सिंहपुर, पार्वतिका, नगरकोट (कांगड़ा), लाभपुर (लाहौर) आदि। इससे यह नहीं समझ लेना चाहिये कि उस २ समय जैनधर्म उस २ केन्द्र तक ही सीमित था। इसके अनुयायी और स्थानोंमें भी पाये जाते थे। अपनी संख्याकी अपेक्षा इनकी सामाजिक और आर्थिक स्थिति बहुत ऊंची थी।

सं. १००० से लेकर सं. १६०० तक कांगडा बडा महत्वपूर्ण जैन केन्द्र रह चुका है। यह नगर रेलके रास्ते लाहौरसे १७० मील पूर्वोत्तर दिशामें स्थित है। इसका अक्षांश

---

१. इस लेखकी सहायक पुस्तकें—
   (1) Sir Alexander Cunningham:
   **Archaeological survey of India**
   Report for the year 1872-73; Vol V
   (2) Sir John Marshall: **Archaeological survey of India,** Annual Report 1905-06.
   (3) **Gazetteer of the Kangra District.** 1926.
   (4) मुनि जिनविजयद्वारा संपादित-**विज्ञप्तित्रिवेणिः**। भावनगर-सन् १९१६.

२. देखिये-बाबूराम जैन द्वारा लिखित "क्रान्तिकारी जैनाचार्य"में मेरी भूमिका। जीरा (पंजाब) सं. १९९२।

३. देखिये-भावनगरके साप्ताहिक "जैन"के ३।१०।४३ तथा १७।१०।४३ के अंक और "जिनवाणी" का अकतूबर ४४ का अंक।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



३२ अंश, ५ कला उत्तर और देशान्तर ७६ अंश, १७ कला पूर्व है। नगरके नामसे जिलेको भी कांगड़ा कहते हैं, यद्यपि अब जिलेका दफतर कांगडेसे ११ मीलकी दूरी पर धर्मशाला नामक स्थानमें है।

पंजाबका पूर्वी भाग पहाडी प्रदेश है। प्राचीन कालमें यह तीन राज्योंमें विभक्त था–(१) सिन्धु और जिहलम नदी के मध्यवर्ती काश्मीर तथा उसके अधीन छोटी २ रियासतें; (२) जिहलम और रावीके मध्यवर्ती द्विगर्त, दुर्गर या डोगर जिसमें जम्मूं और इतर छोटी २ रियासतें शामिल थीं। (३) रावी और सतलुजके मध्यवर्ती त्रिगर्त जिसमें कांगडा और दूसरी छोटी २ रियासतें शामिल थीं। अंग्रेजोंके आनेसे पहले यह भूभाग भारतकी प्राचीन शासन–पद्धति और संस्कृतिका एक नमूना था।

एक समय त्रिगर्तके अंदर पहाडी प्रदेशके अतिरिक्त जालंधर, दोआब तथा सतलुज नदीके पूर्व सरहिंद तककी भूमि शामिल थी। तब त्रिगर्त और जालंधर समानार्थ थे जैसा कि हेमचन्द्राचार्यने अपने अभिधानचिन्तामणिमें कहा है—

**जालन्धरास्त्रिगर्ताः स्युः।** (काण्ड ४, श्लो० २४)

मैदानी भागकी राजधानी जालंधर नगर था, और पहाडी भागकी कांगडा।

कहते हैं कि कांगडेको राजा सुशर्मचन्द्रने बसाया था जो पहले मुलतानका राजा था। इसने महाभारतमें दुर्योधनकी ओरसे विराटनगर पर चढ़ाई की थी, लेकिन इस युद्धमें हार कर वह त्रिगर्तकी ओर भाग गया और वहां एक नगर बसाया। उसने अपने नामकी स्मृतिमें नगरका नाम सुशर्मपुर रखा। यह चन्द्रवंशी था और इसके उत्तरवर्ती राजाओंके नामके साथ चन्द्र शब्द मिलता है। कांगडेका मूल नाम सुशर्मपुर था और इसका यह नाम वैद्यनाथ–प्रशस्तिमें पाया जाता है।

विज्ञप्ति त्रिवेणिमें भी लिखा है कि कांगडेकी आदिनाथ भगवान् की मूर्ति को भगवान् नेमिनाथके समयमें राजा सुशर्मने स्थापित किया था।

कांगडेका प्राचीन नाम भीमकोट भी मिलता है। नगरको भीमनगर कहते थे। वास्तवमें कांगडा तो किलेका नाम है इसी लिये जनतामें अक्सर कोट कांगडा कहा जाता है। इसका दूसरा नाम नगरकोट है जो किला और नगर दोनोंके लिये व्यवहृत होता था। कांगडेके इर्दगिर्दके प्रदेशको **कटौच** भी कहते थे।

कांगडा शब्दका प्रयोग मुगल बादशाहोंके समयसे होने लगा है और यह कोट और नगर दोनोंको प्रकट करता है। इसका पूरा रूप "कानगढ" माना जाता है जिसका अर्थ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



है "कान पर (बना हुआ) किला"। कहते हैं कि कोट कांगडा जालंधर दैत्यके कान पर बना हुआ है। जालंधर दैत्यकी कथा जिसके नाम पर सारा प्रदेश जालंधर कहलाता है, पद्मपुराणके उत्तर खण्डमें मिलती है। जब जालंधर मर कर गिरा तो उसके कान पर कोट कांगडा बना, मुख पर ज्वालादेवीका मंदिर, पीठ पर जालंधर नगर और पैरों पर मुल्तान बसा।

मेरे विचारमें 'कानगढ' से कांगडा शब्दकी उत्पत्ति संतोषजनक नहीं है। यह तो केवल उच्चारण–साम्यके आधार पर लोक–कल्पना प्रतीत होती है।[४] विज्ञप्तित्रिवेणिमें, जिसकी रचना सं. १४८४ में हुई, कोट कांगडेके लिये 'कङ्गदकमहादुर्ग' शब्द आता है। कोट कांगडा दो छोटी २ नदियों–बाणगंगा और मांझी–के मध्य उनके संगम पर एक लंबे और तंग पहाडी टीले पर बना हुआ है। कोटकी चहार दीवारीका घेरा दो मीलसे ऊपर है। कोटकी दृढता उसकी रचना पर आश्रित नहीं, बल्कि पहाडी टीलोंके आधार पर है। बाण-गंगाकी ओर ये टीले तीन सौ फुट ऊंचे उठते हैं। कोटके अंदर जानेके लिये केवल कांगडा नगरकी ओरसे रास्ता है लेकिन यहां पर नदियोंके मध्यवर्ती भूमि कुछ सौ फुट ही चौडी रह जाती है। इस रास्तेके आरपार कोटकी दीवारके नीचे गहरी खाई खुदी हुई है। कोटसे नगर पूर्व की ओर है। कोटके पूर्वभागमें महल, मंदिर आदि बने हुए हैं। यहां सबसे ऊंचे स्थान पर राज–भवन है। इसके कुछ नीचे एक बडा चौक है जिसमें अम्बिका देवी और लक्ष्मीनारायणके मंदिर हैं। इनमेंसे लक्ष्मीनारायणका मंदिर सं० १९६२ के भूकंपमें नष्टभ्रष्ट हो गया। अम्बिका देवीके मंदिरके दक्षिणमें दो छोटे २ **जैनमंदिर** हैं जिनके द्वार पश्चिमकी ओर हैं। एकमें तो केवल पादपीठ रह गया है जो किसी जिनमूर्तिका होगा। दूसरेमें आदिनाथ भगवान्‌की बैठी प्रतिमा है। इसके पादपीठ पर एक लेख खुदा हुआ है जो अब मद्धम पड गया है। कनिंघम साहिबने इसमें सं. १५२३ पढा है जो महाराजा संसारचन्द्र प्रथमका समय था।[५]

यहां कालीदेवीके मंदिरमें कनिंघम साहिबने एक और लेख देखा था जो अब गुम हो गया है। कनिंघमने उसकी छाप ले ली थी। छापके अनुसार इसके आदिमें खुदा था "ओं स्वस्ति श्री जिनाय नमः"। इसमें सं. १५६६, शक सं. १४१३ का उल्लेख है।[६]

४. शायद मूलशब्द "काहनगढ" हो। क्यों छः सौ बरस हुए राजा कहानचंदने किलेमें ऋषभ-देवकी मूर्तिकी स्थापना की थी।

५. यह लेख विज्ञप्तित्रिवेणिके पीछेका है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कर्निंघमकी रिपोर्ट तथा विज्ञप्ति त्रिवेणिकी भूमिकामें शक. १४१३ छपा है। परंतु सं. १५६६ और शक सं. १४१३ का समन्वय नहीं बैठता। सं. १५६६ में शक सं. १४३१ होना चाहिये, इनका अन्तर १३५ वर्षका होता है। कदाचित् १४१३ छापेकी अशुद्धि हो। १४३१ के स्थानमें १४१३ छप गया प्रतीत होता है।

कांगडा नगरमें सबसे प्राचीन मंदिर इन्द्रेश्वरका है जिसे राजा इन्द्रचन्द्रने बनवाया था। यह राजा सं. १०८५ और १०८८ में जीवित होगा क्योंकि यह काश्मीरके राजा अनन्तका समकालीन था। मंदिरके अंदर तो केवल शिवलिङ्ग है परंतु इसके बाहर ड्योढीमें बहुतसी मूर्तियां हैं जिनमें दो जैन मूर्तियां सबसे प्राचीन हैं। एक तो वृषभलाञ्छन आदिनाथ भगवान्की बैठी प्रतिमा है जिस पर आठ पंक्तिका एक लेख है।[६] दूसरी मूर्ति भी पद्मासनमें बैठी हुई जिन प्रतिमा है। इसकी गद्दी पर दो भुजावाली स्त्रीकी और एक हाथीकी मूर्तियां उत्कीर्ण हैं। ये प्रतिमाएं ड्योढीकी दीवारमें बडी मजबूतीके साथ लगाई गई हैं। इनका मंदिरसे कोई संबन्ध प्रतीत नहीं देता। किसी अन्य स्थानसे लाकर यहां लगाई गई हैं।

इनके अतिरिक्त एक जैन लेख बैजनाथके मंदिरमें भी विद्यमान है जो नगरकोटसे २३ मील पूर्वकी ओर है। जिस स्थान पर यह मंदिर बना है उसका प्राचीन नाम कीरग्राम था। बैजनाक या वैद्यनाथके मंदिरकी पिछली दीवारमें बाहरकी ओर बहुतसे देवालय हैं। उनके बीच वाले देवालयमें सूर्यकी मूर्ति स्थापित है। परंतु जिस गद्दी पर सूर्यदेव विराजमान हैं, वह असलमें महावीर भगवानकी गद्दी होगी क्योंकि उस पर एक लेख उत्कीर्ण है जिसमें[६] बतलाया है कि इस जिनमूर्तिकी प्रतिष्ठा सं. १२९६ में देवभद्रसूरि द्वारा हुई थी। यद्यपि इस लेखका बैजनाथके मंदिरसे कोई संबन्ध नहीं तथापि इससे यह बात निर्विवाद सिद्ध होती है कि उक्त संवत्में कीरग्राममें एक जिनमंदिर बना था।

कांगडा प्रान्तके जैन अवशेषोंका उपर्युक्त वर्णन गवर्मिन्ट द्वारा प्रकाशित पुस्तकोंके आधार पर किया गया है। आजसे आठ–दस बरस पहले लाहौर म्यूजियमके क्यूरेटर स्वर्गीय डा. के. एन. सीतारामने त्रिगर्तदेशका भ्रमण किया था और बहुतसे अन्य जैन अवशेषोंका खोज लगाया था। उन्होंने एक दो चौबीसियों, अनेक पृथक् २ जिनमूर्तियों और मंदिरोंके अवशेष देखे। कई जैन मूर्ति और मंदिरोंको हिंदुओंने अपना लिया है। जैसे—बैजनाथ पपरोलाके रेलवे स्टेशन और डाक बंगलाके दर्मियान गणपतिका एक मंदिर है। डाक्टर साहिबका कहना था कि वास्तवमें वह जैन मंदिर था। (क्रमशः)

६. देखिये परिशिष्ट।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ દિ દે વ ના તે ર ભ વ માં નો પ હે લો ભ વ

# ધન સાર્થવાહ

લેખકઃ-પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધિમુનિજી

### [ ૧ ] પરોપકારના પંથે

પરોપકારમાં ને પરમાર્થમાં
પુણ્યપગલાં માંડે છે
મહામતિ શ્રી ધન સાર્થવાહ.
પીટાય છે પડહ આજે
પરસ્પરની સહચાર ભાવનાનો,
ક્ષિતિપ્રતિષ્ઠિતપુરમાં.
પ્રગટે છે એ પડહમાંથી
સમુજ્જવલ સુરનદીના પૂર શા
ઔદાર્યના સર્વંગામી સૂર.
પસરે છે વિશ્વબંધુત્વના બોલ
એ નિર્બંધ સૂરમાંથી.
સૌને પડે છે શ્રવણોના પુટમાં,
જીવોના જીવનકાર્યની
સરખી જ સમાનતા આજે.
ધન સાર્થવાહના એ આમંત્રણમાં
નિમંત્રણ થાય છે જીવન જરૂરતનાં,
સઘળાં ય પૌરજનોને
માનવતાના અભેદભાવથી.
સ્વાર્થનો સાધક એ સાર્થવાહ
પરાર્થની દાંડી પીટાવી
પીરસે છે બાંધવતાના બોલ
સૌની જરૂરતો પૂરવાને;—
"પૂરાં પાડવામાં આવશે,
સાધનહીન દીન હીનને
બધીય જાતનાં સાધનો.
સૌને મળી રહેશે
વિવિધ જાતનાં ભાંડાદિ,
અને તેને વહન કરનારાં વાહનો
મારા સ્વાભાવિક સૌહાર્દમાંથી.
માનવીઓનાં ઊણાં ઉદરને
નહિ રહેશે અલ્પે ય ઓછાશ
મારા નેતૃત્વના કોઠારમાં.
માનવ માનવીનું રક્ષણ કરે
એવી માનવતા અનુભવશો તમે
આ માટીના માનવીમાં. બંધુઓ !
રૂપમાં રંગમાં કે આકૃતિમાં
સરખાં ઘડતર નથી હોતાં
વિવિધતાપ્રિય વિધાતાનાં.
કયાંથી હોય પછી સરખાં,
જગતની જનતાની પ્રતિવ્યક્તિએ
પ્રારબ્ધનાં સૂક્ષ્મતર ઘડતર ?
અર્પાશે સૌને સરખો જ
બાંધવતાના સાથનો હાથ.
વધારે સ્વકીય સમજાશે
કોઈ પણ રીતે સીદાતા સાથીજનો."
'પ્રાણ જાયે પણ વચન મ જાઈ.'
એવાં હતાં હિમાચળ શાં
પડહે ઊંચેથી ઉચ્ચરેલાં એ વચન.
ચૌટે ચોકે ને ગલીએ ગલીએ
ઝીલ્યાં એ વચન શ્રવણોએ.
શ્રદ્ધેય હતો એ સાર્થવાહ
સારા ય પૌરજનોને.
સર્વથા શુદ્ધ હતો
એ વ્યવહારીનો વ્યવહાર.
જાણીતાં હતાં સર્વત્ર
એનાં વિશુદ્ધ જીવિકા ને જીવન.
ઠલવાયાં હતા વૈભવનાં વ્હેણો
સામટી રીતે એ ગંભીર દરિયામાં.
ચંદ્રાની ચંદનીની જેમ
પરોપકારને જ ફળતી હતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજોડ શ્રીમાન એ શેઠની લક્ષ્મીઓ.
સર્વ સદાચારોની મહાનદીઓનું
ઉગમસ્થાન હતો
એ મહિમામોટો મહાશય.
સૌ કોઈ સેવતું હતું
પૃથ્વીને પાવન કરતા એ યશોધનને.
અપાર મનાયો હતો માનવ જાતથી
એની ઋદ્ધિનો ઝળહળાટ.
ભર્યો ભર્યો શોભતો હતો
એને ઘેર વાહનનો મહાસાગર.
સંખ્યાબંધ વહેતાં હતાં ધનઝરણાં
એના ધનના અખૂટ મહાસરોવરમાંથી,
અને એથી સીંચાતાં સેવકોનાં ક્ષેત્રો.
હતો એ સ્વભાવથી જનવત્સલ,
અને ભાગ્યાનો ભરોસાદાર ભેરુ.
કેવળ કાંચને ગાયેલા
કુલીનતાદિ ગુણોથી જ નહિ,
પણ સાહજિક ગુણોની પરંપરાએ
પૂર્ણતાને પામી હતી
એની અલૌકિક લોકપ્રિયતા.
સામર્થ્ય અને સદ્ગુણના આકર્ષણે
સાર્થવાહના સાર્થનો સાથ સાધવા
પ્રબળ ઇચ્છાઓ પ્રગટી હતી
ક્ષિતિપ્રતિષ્ઠિતપુરના અર્થેચ્છુઓને.
'વિદેશે વસનારી લક્ષ્મી'ના માટે,
ચાતુર્યને ફલિત કરવાને કારણ,
પ્રારબ્ધના અવનવા અનુભવ અર્થે,
એમ જ અન્યાન્ય હેતુથી,
સાર્થવાહે સર્જેલા સાર્થમાં જવા
યોગ્ય સજાવટ સજી રહ્યું હતું
એ ક્ષિતિપ્રતિષ્ઠિતપુર.
પડયાં હતાં કાર્યમાં પ્રયાણનાં ઇચ્છુકો
મુસાફરીની અનુકુલતાઓ કેળવવા.

× × × ×

પ્રેરણા પાઈ રહ્યો છે
વણિકજનોને વાણિજ્યવ્યવસ્થાની
શ્રેષ્ઠી ધન સાર્થવાહ.
આદેય અને સુમધુર વચનોથી
આપે છે આદેશ વાણોતરોને
પ્રસન્ન સ્થિર ચ્હેરાનો એ.
વહી રહી છે આજ્ઞાંકિતતા
સર્વ અનુચરોની યોગ્ય ઉતાવળમાં.
ધન સાર્થવાહની વખારો ને હટ્ટપ્રદેશો
ચૌમેર સાંકડા બની ગયા છે
વહન કરનારાં વિવિધ સાધનોથી.
તેનો આખો ય પ્રાસાદ
આજે સક્રિય બની ગયો છે.
વાત્સલ્ય ઢાળી રહી છે
ધન શ્રેષ્ઠીની વિનીતતા પર
પ્રેમથી પૂજાતા વડીલોની પ્રીતિ.
વિનીતતા નમી રહી છે નોકરોની
સાર્થવાહના વચનોને શિર ચડાવવા.
ઓછું બોલાય છે શાન્તતાથી ત્યાં.
આચરાય છે ઘણું શીઘ્રતાથી.
પૂજાતી હતી ત્યાં સદાની ય
સભ્યતા અને શિસ્તતા.
આજે તેનો પ્રવર્તે છે
સર્વ વ્યાપી મહોત્સવ.
આવતી કાલની બધી ય વ્યવસ્થા.
વ્યવસ્થિત થઈ રહી છે પોતે જ.

× × × ×

વીત્યો એ વ્યવસાયી દિન,
અને પ્રયાણની ઝંખના ભરી
યાત્રાના ઇચ્છુકોની એ રાત્રિ.
વ્હાણાં વાયાં નિર્ધાર્યાં સુમુહૂર્તનાં.
કરાયાં મંગલ કુલ વધૂઓથી.
સુસ્વરોદયનાં પગલાં મંડાયાં
ધન સાર્થવાહનાં રળિયામણા રથે.
શકુનો સધાયા સારી રીતે.
પ્રસ્થાનનાં આલેખાયાં મંગલ.
ક્ષિતિપ્રતિષ્ઠિતપુરના સુપરિસરે
આવી મળ્યા સાર્થના યાત્રાળુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસ્થાન ભેરીના ઉચ્ચ સ્વરી આમંત્રણે.
રમી રહ્યું છે સૌના મ્હોંયે
વસન્તપુર અને એનું વાણિજ્ય.
કરી દીધું છે પ્રયાણ
વસન્તપુરગામીઓના ઉત્સાહે,
એમના પ્રયાણથી ય પહેલાં.
બોલી રહ્યો છે બિરૂદાવલી
શ્રીમાન શ્રીધન સાર્થવાહના ઉત્સાહની
એ સૌના હૈયાનો ઉત્સાહ.
આવી ચડે છે કોઈક જ તક
મનુષ્યના મોંઘા જીવનમાં
કલ્યાણને કલ્યાણ સમર્પવામાં.
ધન્ય પુણ્ય સમય છે અત્યારનો
આ ધન સાર્થવાહને માટે.
પાવન કર્યો ઓચિંતો તેનો
સુપટાશ્રય પ્રદેશ
આચાર્ય શ્રી ધર્મઘોષે.

× × × ×

હતા એ માનવ જાતના
મહાન ધર્માચાર્ય શ્રી ધર્મઘોષ.
જીવન સમસ્તની સમાનતાના શાસક,
ને સર્વ દૃષ્ટિઓના સાપેક્ષ સંગ્રાહક–
શ્રી જૈનશાસનના એ હતા
એક જવાબદાર સુયોગ્ય પ્રતિનિધિ.
જળહળી રહ્યું હતું એનું
પુણ્ય રેખાઓથી અંકિત
અને પ્રવર લક્ષણોથી લક્ષિત
વિશાલ ભવ્ય ભાગ્યસ્થળ.
નીતરી રહ્યાં હતાં કરુણાનાં અમી
એની કારુણ્યભરી આંખમાંથી.
આકર્ષણીય ભવ્યતા હતી
એના સૌમ્ય મનહર મુખારવિન્દમાં.
પ્રતાપને પાડતી હતી
એની બ્રહ્મતેજસ્વી કાયા
સાર્થવાહના સુસુન્દર પરગૃહાંગણે.
પ્રકાશને ફેંકી રહ્યો હતો એ
પ્રતિભાથી પ્રકાશતો જ્યોતિર્ધર.
ઊઠીને સામે પગલાં ભરી રહ્યો હતો
ક્યારનો ય ધન સાર્થવાહ
ઉમળકા ભરેલાં સ્વાગત કરવા.
સાદર ને સવિનય
સમર્પ્યાં ઉચિત આસન
આચારના એ આચાર્યને એણે
ઔચિત્યને અનુસરતી વિનીતવૃત્તિથી.
કદી ય દૃષ્ટિપથ ન પડી હતી
આવી પુણ્ય પધરામણી
સાર્થવાહના પોતાના જાગતા જીવનમાં.
અજાણ્યો હતો એ
ઊતરેલી આ મહાનુભાવતાનો.
પણ સમજ્યા વિના ન રહે
સુમહાનુભાવોના માહાત્મ્યને
શુભાત્માની અંતઃકરણ વૃત્તિઓ.
પૂછાયાં આગમનનાં કારણ
ઔચિત્ય ને આતિથ્યભાવથી.
યાચના કરી આચાર્યે
સાર્થવાહની સ્વાભાવિક ઇચ્છાની:–
"સાર્થની સાથે વહેશે
વસન્તપુરના લાંબા ને વિકટ પંથમાં
અમારા સાધુસંઘનાં
સદા ય વહેતાં સાધુતાનાં જીવન.
તમારા સાર્થના ટેકાએ
નહિ નડે અટવીના અપવાદો અમને.
અત્યુત્કૃષ્ટ મંગલને વરો
તમારો સાર્થ ને વસન્તપુરની વસુધા."

× × × ×

ભાષાના ભગવાન હતા
આચાર્ય શ્રી ધર્મઘોષ.
તેમની વાણીના વર્ણે વર્ણે
તરી આવતી હતી
મીઠાશ ને કર્તવ્ય પૂર્વકની—
અપૂર્વ નિરીહતા ને નિરપેક્ષતા.
એ મહિમાના સરવરીયામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગળાડૂબ ડૂબેલો સાર્થવાહ
આત્મિક શિતળતાની લહરીઓથી
આનંદપુલકિત બની ગયો.
મનમાં માની લીધું એણે
આજનું જીવન અતીવ ધન્ય.
આદરથી બોલી ય ગયો એઃ—
"સૌને સન્મુખ આવવા યોગ્ય
આપ પોતે જ અહીં પધાર્યા;
અને વળી સાર્થમાં સહ પધારશો,
એ છે અહો! અમારાં મહાભાગ્ય!"
સૂચન કરાયું સાર્થવાહથી
અન્નાદિના પાચકોને તત્કાલઃ—
'આ મહાનુભાવ આચાર્યશ્રી,
સંપાદિત કરજો નિરંતર
સંપૂર્ણતયા અન્નપાનાદિ.'
અજ્ઞાનમૂલક ને અસ્થાને હતાં
આ સાદર ઔદાર્યનાં સૂચન
એ દાતારશિરોમણિ શેઠનાં.
પણ એમાં ઊંડેરી સુન્દરતા હતી
પ્રાથમિક ભદ્રિક બાલભાવની,
અને માર્ગાનુસારી મહામહત્તાની.
હોય છે છુપાયેલી ગુણસૃષ્ટિમાં—
સુન્દરતામાં ક્વચિત્ અસુન્દરતા,
અસુન્દરતામાં ક્વચિત્ સુન્દરતા.
અનર્થનાં જૂથ ઉપજાવે કદીક
યશના માટે મરતો માનવી.
ભૂલોના ભાર ભરેલા હોય
અવિચારિત દાક્ષિણ્યમાં.
રાગદ્વેષના ભોરિંગો રમે
મ્હોબતના મોટા રાફડાઓમાં.
કાતિલ ઝેર ભરેલાં હોય
પ્રેમ-પ્રણયના ઔચિત્યમાં ય.
એમાંનો એકેય સંભવ ન હતો
આ સહજ પ્રગટેલા ભાવમાં.
ફક્ત એ ભાવમાં હતો
અતિ દુર્લભ કોઈ સીધો માર્ગ

ભાવી આત્મોન્નતિના ક્રમનો.
અગીતાર્થને અસુન્દર ભાસતા
દોષિત અન્નાદિ પ્રદાનના એ સૂચનમાં,
અવલોકી પરિણામ-સુન્દરતા
ગીતાર્થ એ સુવિહિત આચાર્યે.
અભિનન્દી ધન્યપુણ્યવાદથી
શ્રીમંત સદ્‌ગુણી ને યશસ્વી—
સાર્થવાહની એ ઔદાર્યસુન્દરતાને,
અંતરના ઊંડાણમાં આચાર્યવર્યે.
સુવિધાન કર્યું અક્ષરોથી એમણેઃ—
'વાહ! ઔદાર્યની ભાવના!
પણ અસંગત છે એ ભાવના
સક્રિય બનાવવામાં
જૈન મુનિના નિર્મળ જીવનમાર્ગે.
ન કરેલાં ન કારવેલાં,
અને સંકલ્પેલાં ય નહિ—
એવાં નિર્દોષ અન્નપાનાદિથી
વહે છે સંયમજીવન
આજીવન સુધીના સંયમધારીઓનાં.
દુષ્કર છતાં કર્તવ્ય છે
વ્યવહારવિશુદ્ધિનાં પાલન
વિવેકવંતા સંસારીઓને.
એથી ય વધારે દુષ્કર ને સુકર્તવ્ય
ભિક્ષાની વિશુદ્ધિનું પાલન
મધુકર વૃત્તિથી ચરતા મહામુનિઓને.
ઉપયોગ નથી કરતા એઓ
કૂવા તળાવ વાવડીઓ વગેરેનાં
દીધેલાં ય સચિત્ત જળનો.
ન કામ લાગે એમને એ
અગ્નિ આદિ શસ્ત્રથી અનુપહત.
મોક્ષનું અનુપમ અખંડ બીજ
જ્ઞાન દર્શન ને ચારિત્ર.
ધર્મની કાયા એ રત્નત્રયી.
એ કાયાને ધારણ કરવામાં
સફલ કારણ પ્રરુપાયું છે,
ઉદ્‌ગમાદિ અષ્ટદોષ રહિત—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષડ્ કારણોથી આહારાતો—
સુવિશુદ્ધ આહાર.
મોક્ષાર્થે જ જીવવાનું હોય
વિશુદ્ધભાષી જૈનની મૌનવૃત્તિને.'
સાંભળી રહ્યો હતો એકાગ્રતાથી
આચાર્યના આચારગત બોલ
ગંભીર ને ધીર એ સાર્થવાહ.
કોઈએ આવીને ધર્યો આ સમયે
સુપક્વ આંબાઓથી ભરેલો થાળ,
ધન સાર્થવાહને ભેટણે.
સંધ્યાના રંગશાં રંગીલાં
અને અતીવ મીઠી સુગન્ધીથી ભર્યાં—
એ સુમધુર ફળોને સ્વીકારવા,
અને એ રીતે પોતાને અનુગ્રહ કરવા
વિનંતી કરી આચાર્યને
અત્યંત પ્રમુદિત બનેલા સાર્થવાહે.
આચારનિષ્ણાતે આચાર્યથી
એ વિનતિનો અસ્વીકાર થયો.
'કરી નહિ શકીએ સ્પર્શે ય અમે
શસ્ત્ર નહિ લાગેલાં એવાં ફળનો.
એના ભક્ષણની તો વાતે ય કયાં રહી?
ઓ મહાનુભાવ શ્રદ્ધેય સાર્થવાહ!'
આશ્ચર્યની રેખાઓ ઊગી નીકળી
સ્તબ્ધ બનેલા શ્રેષ્ઠીના મ્હોં પર,
આચાર્યની આહારચર્યાથી
અને આહાર વિષયક વિવેચનાથી.
સરી પડયા પ્રશંસાના બોલ
આવશ્યક બોલતા શેઠના મ્હોંમાંથી.
'અહો! કેવી દુષ્કર વ્રતકારિતા
આ મહાવ્રતધારીઓની.
અશક્યનિર્વાહી આવું જીવન,
ન જીવી શકે પ્રમાદિઓ
એક દિનને માટે ય.
અપાશે આપને કલ્પતાં અન્નાદિ.
કૃપા કરો અને સાથ પધારો,
ઓ મહાનુભાવો! તમે આજે જ.'
× × × ×

આરંભાયાં આશા ને ઉત્સાહભર્યાં
ધન સાર્થવાહના સાર્થનાં પ્રયાણ.
અગણિત વાહનોના લોઢને ઉછાળતો
ઊપડયો એ સંઘનો મહાસાગર,
ક્ષિતિપ્રતિષ્ઠિતપુરના પાદરથી
વસન્તપુરના લક્ષ્ય પ્રતિ.
સાથે વિચરવા માંડયું
મૂર્તિમાન ચારિત્રના મૂલોત્તર ગુણશા—
મુનિઓથી વીંટાયેલા ધર્મઘોષાચાર્યે.
સાર્થના મોખરે ઘોડે હતો
ઘોડેસ્વારોથી વિંટાયેલો ધન સાર્થવાહ;
પાછળ હતો તેનો મિત્ર માણિભદ્ર
તેવી જ રીતે વીંટાયેલો ઘોડેસ્વાર.
બન્ને પડખે રક્ષાયેલો હતો એ સંઘ
શસ્ત્રથી સજ્જ સમર્થ રક્ષપાલોથી.
સર્વથા નિર્ભયતા હતી એને
ચોરને લૂંટારાઓથી.
આતપના નિવારણ માટે ધરાયલાં—
શ્વેત ને મયૂરરંગી છત્રોથી
ઊભી કરી હતી એણે
શરદ ને વર્ષાની સ્થિતિ ગગનમાં.
ભરવામાં આવ્યાં હતાં ભાંડ,
પાડા બળદ ઊંટ ખચ્ચર ને ખર પર.
ગોઠવાઈ હતી પાણીની પખાલો
મેઘશા શ્યામળા મહામહિષો પર.
ક્રીડા કરી રહ્યા હતા જુવાનો
વિશાળ ને સુન્દર ગાડાઓમાં બેઠાં.
સાર્થના ભારે ભારથી
ચીસ પાડી રહી હતી પૃથ્વી
વાહનોનાં વિધ વિધ થતા શબ્દોથી.
અંધેર વ્યાપ્યું સર્વત્ર,
આ મહાસંચારની ઊડતી ધૂળે.
ધોરી બળદો ને તેજીલા ઘોડાઓ,
ઉતાવળીયાં ઊંટો ને ખર ખચ્ચરો,
આગળ વધવાની હોડે ચડયાં હતાં એ.
ગાડાં ગાડીઓના ચીત્કારથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળદોની ઘુઘરમાળથી,
અશ્વાદિના વિવિધ રવથી
ને સાર્થજનોના કોલાહલથી
ગર્જી રહ્યું હતું ભૂતળ ને ગગન.
એ નાદથી ત્રાસી નાસતાં હતાં
મૃગ ચમરી આદિ વનનાં પ્રાણીઓ.
દિને દિને નવ નવ સ્થાને
નગરને ઊભું કરતો ને ઉજાડતો
આ મહાસાર્થસંઘ
પડાવનાં ચિહ્નો મૂકી ચાલ્યો જતો.
ખુટાડતો એ જલાશયોનાં પાણી
પોતાના વિશાળ પડાવના સ્થાને.
કેટલાક પડાવો પડયા પછી
સ્પર્ધા કરવા લાગી ઋતુ ય એની.
તળાવો ને નદીઓનાં જળ
ઓછાં થતાં ચાલ્યાં રાતની જયમ
ગ્રીષ્મ ઋતુના બહુ દૈનિક પડાવથી.
ભયંકર હોય ઉન્હાળાના દિન,
વિશેષતઃ મુસાફરોને માટે.
અગ્નિના ફાળકાની જયમ
અસહ્ય બની ગયો હતો સૂર્ય.
એ અથાગ આગના ગોળામાંથી
તાપના અંગારા ઝરતા.
વાઈ રહ્યા હતા લૂના વાયરા.
સોંસરાં પેસી જતાં હતાં સોંયની જેમ
અતીવ આકરાં સૂર્યનાં કિરણો.
અગ્નિની ચૂમી ચૂમતી હતી
લોહની તપ્ત શિલાશી ભૂમિ.
અંગારા બની ગયા હતા કંકરો,
આગના રજકણો જ બની ગઈ ધૂળ સર્વત્ર.
પસીનાના જેબે જેબ છૂટતા
અકળાતા ઉકળાતા અંગમાંથી
તાપથી ધુંવાપુંવા થતા મનુષ્યોના.
ઘડીએ ઘડીએ શોષાતા હતા કંઠ,
તાપથી તપ્ત માનવીઓના
અને ભારવાહી પશુઓના.

છાયાની અપેક્ષા રાખતાં હતાં.
માનવીઓ અને પશુઓ ય.
નિરંકુશ થઈ જતા હતા
પાડાઓ અને વૃષભો.
પેસી જતા હતા તેઓ
જળાશયોના કીચમાં
અને પડખે પડતાં વૃક્ષોની છાયામાં.
તાપથી કરમાઈ જતા હતા
જાત્ય પશુઓના પાદો.
વનનાં નિષ્ફળ જીવન ગુજારતાં
કમળો કમળનાળો ને કમલિની પત્રો
સફળ જીવનવંતાં બનતાં હતાં
સુકુમાલ રમણીઓના કંઠપીઠમાં પડીને.
પસીનાથી તરબોળ વસ્ત્રો
આખાય અંગે ચીપટાઈ જતાં,
વિશેષ સુન્દર ભાસતી હતી
સ્વભાવસુન્દર સુન્દરીઓ.
ઊભી કરાતી હતી નવ નવ રીતે
વાયુની ઉષ્ણ લહરીઓમાં,
કૃત્રિમ શિતળતા.
પંખાઓ વીંઝાતા હતા,
પાંથોનાં કોમળ કરકમળોમાં.
પાલવથી પવનને નાખતી
તાપથી ગભરાયેલી કો'ક મુગ્ધાઓ
કુતૂહલ ઉપજાવતી હતી કામીઓને.
દિને દિને વૃદ્ધિને પામતી હતી
કુરાજ્ય નીતિના સરખી
ગ્રીષ્મ ઋતુની તાપવ્યસનિતા.
ન ગણકારતી હતી એ સંતાપશીલા
સાર્થચારીઓના શીતોપચારને.
વિનાશ સર્જ્યો હતો એનો
એનાથી જ ઉદ્ભવતા વાતાવરણે.
ઘેરાતાં જતાં હતાં એની આગળ
ઘોર શ્યામળ વાદળો.
સંતાપનાં વધતાં જતાં પીડનો
સહી શકતી નથી કુદરત કયારેય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાયની તુલાને ધરતી એ.
ઘૂમવા લાગ્યાં આભમાં
અવર જવર કરતાં વાદળાંઓ.
ધાયો આવતો હતો
દૂર દૂરથી ગર્જનાનો હોંકારો કરતો
પરોપકારી મહામેઘ.
તેની વિશાલ કમ્મરમાં
ચમકારા મારતી હતી
વીજળીઓની નગ્ન તલવાર.
આરંભી દીધું ઉકળાટનું મહાયુદ્ધ
ગ્રીષ્મઋતુની તામસી માયાએ.
ન થાયે કદીય નિષ્ફળ
ઉદાર દીલનો ઊંચેથી ગર્જતો દાતા.
ગર્જનાના ટંકારની સાથે
ખેચ્યું એણે પોતાનું ઇન્દ્રધનુષ્ય.
સંગ્રહના ભાથાને ખાલી કરતાં
વરસાવ્યાં વરસાદનાં દાનશરો
શામળીઆ એ મહામેઘરાજે.
સર્વથા અંત આણ્યો એણે
સૃષ્ટિના શોષણ ને સંતાપનો.
વર્ષાની સ્થાપના થઈ
ધીરજને ધરતી ધરણીપર.
શાંતિની શિતળતા વ્યાપી
મહીતલનાં મનમયૂરોમાં.
પણ જલ(ડ)ત્વ હતું
મહામેઘના એ દાનજલમાં.
એક હાથે કંઈ સુંદર સમર્પી
બીજા હાથે લઈ લેવાની—
પરોપકારના બાહ્ય દેખાવો કરતી
સ્વાર્થી કુટિલ રાજનીતિની જયમ,
ભરેલ હતા એમાં,
લાભોની સાથ લાખોગણા અલાભો ય,
પ્રગતિની ઇચ્છા કરતા—
સાગરસમા મોટા સાર્થને માટે.
પરિણામે લાભદાયી—
પેલા શોષણ ને સંતાપ કરતાં
વધારે અનિષ્ટ લાગ્યાં
આ મેઘવર્ષાનાં દાન
ધન સાર્થવાહના સાર્થને.
ધીરે ધીરે ઢંકાવા લાગી નગ્ન ભૂમિ
આંખ સોહામણી હરિયાળીથી.
ન'તાં કંઈ મોંઘાં વાવેતર
એ અણખેડાયેલી ભૂમિમાં.
ઉભરાવા લાગ્યાં નદીઓ ને વ્હેળાઓ
છીછરાપણાથી કુલમર્યાદાને તોડતાં.
ઊંચ નીચને સરખા કરવા જતાં
ભેદી નાખ્યા સુખમાર્ગો જલોએ.
અગમ્ય બનાવ્યા કાદવના દૌર્જન્યે
સીધા જાણીતા સુગમ માર્ગો.
આગળ આગળ પર આંતરી લીધા
આગળ વધવાના સઘળા ય પંથો.
નિર્મર્યાદ નદીઓની કુટીલ નીતિએ
ઉઘાડા કરી ઘસડી આણ્યા એણે
પાદોના હૈયામાં ખૂંચતા કંટકો.
ખુંચાવા લાગ્યાં ઊંડે ઊંડે
કલણીઆ કાદવના મોહમાં
સાર્થ સાથેનાં રથગાડાંનાં—
સુવૃત્ત પણ અંતે ચંચળ થતાં ચક્રો.
લપસાવા લાગ્યા લપસણી ભૂમિ પર
ભૂમિકાના ધર્મની ભીડને ન પકડતા
ઊંટના અગ્રગામી પદો.
આગળ વધવાનું અટકી પડયું
વરસાદના જળોએ જગવેલા—
ભૂમિની અંતરના અવનવા—
ખડબચડીઆ મલિન સંકલેશોથી.
સૌ ગાઉ છેટે જઈ પડયું
પ્રગતિના માર્ગનું એક પગલું ય.
જલાદિથી રૂંધાયેલા પંથો જોતાં
સામયિક પડાવ કર્યો
વર્ષાઋતુ વીતાવવા પર્યંતનો
મહાનુભાવ શ્રીધન સાર્થવાહે.
ઊભાં કરાયાં તાત્કાલિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યસાધક વર્ષા જોગાં ઉટજો.
જીવવું પડે ભાવિ કલ્યાણકામોએ
દેશકાલાદિ પર દીર્ઘ દૃષ્ટિ રાખીને.
કલ્યાણ કરે છે સાદાં જીવન
સૌ કોઈને સહાયને માટે
વિશેષતઃ પરાવલંબી દુઃખસમયે.
સ્થિરતા કરી આચાર્ય ધર્મઘોષે ય
સુસંયમી મુનિગણ સાથે,
માણિભદ્રે સમર્પેલા—
નિર્જંતુ કુટીરના ઉપાશ્રયમાં.

× × × ×

ગરીબ તવંગર સૌને સરખી રીતે
પાલન કરતો હતો ધન સાર્થવાહ.
જોઈતું પૂરું પાડતો હતો,
હોય તેનું રક્ષણ કરતો હતો,
એ પોતાની ફરજ સમજીને.
આશાની નજરે સૌ તેને જોતા,
પોતાની નજરે તે ફરજને જ જોતો.
લોકો તેને સાર્થનો સ્વામી માનતા,
તે પોતે પોતાની જાતને
સાર્થનો સેવક માનતો.
પ્રયાણ કર્યું ત્યારથી જ
સાર્થના આખા સંચાલનને
બહુ બારીક દૃષ્ટિથી નિહાળતો હતો તે.
પ્રત્યેકના સમાચાર મેળવતો તે
માણિભદ્ર અને બીજાં વિશ્વસ્ત જનોથી.
કોઈને યાચક ન બનાવતો
યાચના કર્યા પહેલાં અર્પણ કરીને.
હીણપત માનતો હતો તે
પોતાને શેઠ કે સ્વામી મનાવવામાં.
સૌની મુસીબતો સાંભળવામાં
ઘડીઓના ઘસારાને ન ગણતો તે.
સૌની તકલીફને તે
પોતાની તકલીફના માપે જ માપતો.
સૌના સ્નેહને જીતવાના કરતાં
પોતાનો સ્નેહ સમર્પવામાં
તેને અતીવ મોજ હતી.
સૌની અનુકુળતાનો હિસાબ હતો
તેના હૈયાના ચોપડામાં,
નહિ કે દ્રવ્યની ગણતરીનો.
અતીવ મહાન હતો આ સાર્થ
વસ્તીને વાહનોના પ્રમાણમાં.
વિશેષ વીત્યો હતો સમય
તેના પ્રયાણકાલથી.
વળી લાંબો વર્ષાનો સમય
વટાવવાનો હતો અસ્થાને.
તાણ પડવા લાગી
મુસાફરીને યોગ્ય અન્નાદિની.
અછતમાં કંદમૂળાદિથી ય નિર્વહતા
કૈંક અતિશાણા સાર્થના સજ્જનો.
દુઃસ્થતાને ટાળવા
ઉપાયો યોજાયા હતા માણિભદ્રાદિથી.
આ વાતને વિદિત કરવા,
અને અવિશષ્ટ કાલને માટે
વિશેષ મંત્રણા કરવા,
માણિભદ્ર આવ્યો શેઠની સમીપે
એક રાત્રિની શરૂઆતના સમયે.
સાર્થને ભોગવવી પડતી હાડમારી
ધ્યાનપૂર્વક સાંભળી સાર્થવાહે.
પરિચિત થયો સર્વ પરિસ્થિતિથી એ,
ને સૂચન કરાયાં કેટલાંક.
પણ એથી ય એને
પૂરતો સંતોષ ન હતો.
માની એણે પ્હાડના સરખી
થોડી ય એ હાડમારીને.
સાર્થનાં દુઃખોને એણે
પોતાનાં જ દુઃખો માન્યાં.
મનાઈ પોતાની જ વિષમતા
કુદરતે કરેલી એ વિષમતા.
અધૂરી લાગતી હતી એને
પોતાના તરફથી કરાતી અનુકુલતાઓ.
વધારે અનુકુલતાઓ યોજવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારોની પરંપરાએ
સ્તબ્ધ થયેલો તે
ચિન્તાગ્રસ્ત બન્યો હતો.
એ ચિન્તાથી અળગો કરીને
વાત્સલ્યભરી મીઠડી માની જ્યમ
ખોળામાં લઈ લીધો તેને નિદ્રાએ.
ઉપરના મજલે ચઢ્યો નથી તે
ઓળંગી ક્રિયાશક્તિનાં સામાન્ય પગથીઆં.
આવ્યો નથી એ હાલ
નિર્મળતાની નીચલી ભૂમિકાએ.
પામ્યો નથી એ
જોઈતા વિશેષ પ્રકાશને.
ઊભો છે હજી એ
જૈનત્વપ્રાસાદના દ્વારની સન્મુખ.
એમાં પ્રવેશ કરવાની,
એ નિર્મળતાના પ્રકાશને
આવિર્ભાવ કરવાની સુશક્તિ
અને અપૂર્વ ભાવુકતા હતી
મિથ્યાત્વનું આછું મલિનપટ ધરાવતા
એ અણમોલ મહારત્નમાં.

કેવી ને કેટલી છે એમાં
સુવ્યવહારિક ગુણસુન્દરતા !
કેવા ને કેટલા છે મનહર એના
પ્રાથમિક મૈત્ર્યાદિ ભાવોના ભાવ !
ભલેને સૂતો છે એ સાર્થવાહ,
પણ અંતરથી ચેતનવંતો છે,
એ અંતરાત્માના પ્રતિ
સ્વામીને વફાદાર શ્વાનની જ્યમ.
હમણાં જ મટી જશે ;
એની નિદ્રાની અજ્ઞાનતા
અને રાતની મિથ્યાત્વમલિનતા.
જોતજોતામાં પ્રકટશે
નિર્મળતાની સાથે સુપ્રકાશ
એના આત્માની અમર સૃષ્ટિમાં.
આ છે અનુપમ વિસામો
નિર્મળતાને પ્રકાશતી
અપૂર્વલભ્ય પ્હેલી ભૂમિકામાં પ્હોંચવાનો.
સુખે સુવો !
મહાનુભાવ ! સુખે સુવો !

(ચાલુ)

# કેટલાંક પ્રાચીન ઐતિહાસિક સ્થાનો

લેખક–પૂજ્ય મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી ( ત્રિપુટી )

( ગતાંકથી ચાલુ )

**ચાણસ્મા**—મેં હારીજના પરિચયમાં જણાવ્યું હતું કે હારીજ જૂનું અને પ્રસિદ્ધ શહેર છે. તેમજ અહીં બહુ જ પ્રાચીન ભવ્ય જિનમંદિર હતાં કે જેનાં પ્રાચીન અવશેષો થોડાંક ઉપલબ્ધ છે. તેમાંયે ગામબહારના કેવલાસ્થલીના ગુરુમૂર્તિ વગેરેના લેખો જોતાં **હારીજ**નું સ્થાન જરૂર મહત્ત્વનું જ હશે. હારીજથી નીકળી કંબોઈ થઈ ચાણસ્મા જતાં મોટા મંદિરના પાછળના એક મકાનમાં એક શિલાલેખ હતો કે જેને ત્યાંના શ્રીસંઘે બહુ જ સાચવીને સંતાડી રાખ્યો હતો. આ લેખની વાત નીકળતાં અમે ત્યાં જઇને જોયો અને તેની નકલ કરી લીધી. પરિકરની નીચેની ગાદી ઉપર લેખ આ પ્રમાણે છેઃ

**(૧) ९ संवत् १२४७ वर्षे × × × शुदि १० शुक्रे गा–**
**(मा) रुलाग्रामे हारीजगच्छे[१] श्रीपार्श्वनाथदेवज–**

---

૧ હારીજ ગચ્છના આચાર્ય મહારાજોએ પ્રતિષ્ઠિત મૂર્તિઓના લેખો નીચે આપું છું જે વાંચવાથી આપણને પ્રતીતિ થાય છે કે હારીજગચ્છ એક પ્રભાવશાલી ગચ્છ થઈ ગયો છે અને તેમાં પ્રાભાવિક આચાર્યો થઈ ગયાં છે.

**सं. १४९४ वर्षे वै. सुदि शुक्रे उसवाल ज्ञा० श्रे० नरसी(सिं)ह भा नामलदे०**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(२) गत्यां महाभक्त्या पंडित मानदेवेन विनायकस्य देव-
मूर्तिरद्भुता कारापिता ॥ मंगलमस्तु

**सु० महिपाल भा. लालु सुत अजउउटा पितृव्य नरपाल उटानिमितं (त्तं) पित्रो [ : ] श्रेयसे श्रीशान्तिनाथबिंबं श्रीहारीजगच्छे श्रीमहेश्वरसूरिभिः**

( લીંબડીના મોટા મંદિરની ધાતુપ્રતિમાનો લેખ )

હારીજગચ્છીય શ્રીમહેશ્વરસૂરિજીના બીજા પણ ત્રણ લેખો સં. ૧૫૦૧, ૧૫૧૧ અને ૧૫૨૮ના છે. ૧૫૦૧, અને ૧૫૧૧ના લેખમાં તેમનું નામ મહેસરસૂરિભિઃ આપ્યું છે. પરન્તુ **હારીજ ગચ્છ** નામ તો સ્પષ્ટ છે. ૧૫૦૧ અને ૧૫૧૧ના લેખો જામનગરમાં શ્રી આદિનાથજીના દેરાસરજીમાં ધાતુમૂર્તિઓ ઉપર છે. અને ૧૫૨૮નો લેખ રાધનપુરના શ્રી શાંતિનાથજીના મંદિરમાંની ધાતુમૂર્તિ ઉપર છે.

( પ્રાચીન લેખસંગ્રહ ભાગ ૧ સ્વ. આ. શ્રી વિજયધર્મસૂરિજીસંગૃહીત. )

**सं. १५७७ वर्षे श्रीवासुपूज्यबिंबं का. प्र. श्री हारीजगच्छे भट्टारक श्री शीलभद्रसूरिभिः**

આવો જ બીજો લેખ પણ છે. માત્ર શ્રી**सुविधिनाथबिंबं** આટલો જ ફરક છે. આ જ આચાર્ય, આ જ ગચ્છ, આ જ સંવત્ એમાં છે.

(કડીના લેખો. જૈન ધાતુ પ્રતિમા લેખસંગ્રહ ભાગ ૧. સં. સ્વ. આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજી)

**सं. १३८३ वर्षे माघ शु० ९ रवौ श्रीश्रीमालज्ञा० पितृ वीकम मात वील्हणदे श्रेयसे सु० वयरसीहेन श्रीपार्श्वनाथबिंबं का० प्र० हारोज ( ? ) गच्छे श्री महेंद्रसूरिभिः ।** (જૈન ધાતુપ્રતિમાલેખસંગ્રહ ભાગ બીજો, વડોદરાના લેખો. પૃ. ૭)

**सं. १५१७ वर्षे मार्गशिर ७ गुरौ श्रीश्रीमालज्ञातीय श्रेष्ठिमांडण भार्या माल्हणदे सुत मणोरसी भार्या मांजू सुत नागाकेन पित्रो श्रेयसे श्रीश्रेयांसनाथबिंबं का० प्र० श्रीहारीजगच्छे श्री महेसरसूरिभिः सापषडावास्तव्यः**

( જૈન ધાતુપ્રતિમાલેખસંગ્રહ ભાગ બીજો, માતરના લેખો પૃ. ૮૮ )

આ શ્રીમહેશ્વરસૂરિરાજના ૧૪૯૪, ૧૫૦૧, ૧૫૧૧ અને ૧૫૨૮ના જે લેખો આગળ ઉપર આપ્યા છે તે જ આ લાગે છે માત્ર અહીં **સાપષડાવાસ્તવ્ય** આ વિશેષણ નવું છે.

આ બધા લેખો જોતાં તેરમી સદીના પ્રારંભથી હારીજગચ્છની શરૂઆત થઈ હશે અને ઠેઠ સોળમી સદી સુધી આ ગચ્છનું નામ મલે છે એટલે લગભગ ત્રણુસો વર્ષથી વધુ સમય સુધી આ ગચ્છનું અસ્તિત્વ રહ્યું હશે એ અનુમાન વધુ પડતું નથી લાગતું. લગભગ ચાર સૈકા ગણીએ તોપણ ચાલે.

આ સિવાય પ્રાચીન જૈન લેખસંગ્રહમાં સં. ૧૩૩૦નો હારીજ ગચ્છીય આચાર્યશ્રી શીલભદ્રસૂરિનો લેખ છે. લેખાંક ૪૯૧. એ જ શીલભદ્રસૂરિજીનો ૧૩૪૩નો લેખ છે જેમાં હારીજગચ્છનો ઉલ્લેખ છે. (લેખાંક ૪૮૯). આ જ શીલભદ્રસૂરિજીનો સં. ૧૩૩૩નો લેખ છે (લેખાંક ૪૮૫) પરંતુ તેમાં હારીજગચ્છનું નામ નથી. નીચેનો લેખ જરૂરી ધારી આખો ઉતારું છું—

**सं. १३५५ वर्षे वैशाख वदि......हारीजगच्छे पल्लीवालज्ञातीय श्रे० जइता श्रेयार्थं सुत......श्रीचन्द्रप्रभबिंबं कारितं प्र. श्रीसूरिभिः**

( પ્રાચીન જૈન લેખસંગ્રહ શ્રી જિનવિજયજી સંપાદિત )

આ લેખમાં પ્રતિષ્ઠાપક આચાર્ય હારીજગચ્છના છે, જ્યારે શ્રાવક પલ્લીવાલ જ્ઞાતીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ—૧૨૪૭ માં ગા(મા)રૂલાગામમાં શ્રી હારીજગચ્છીય આચાર્ય પ્રતિષ્ઠિત શ્રી પાર્શ્વનાથપ્રભુના મંદિરની જગતીમાં પંડિત માનદેવે વિનાયકદેવની અદ્‌ભુત મૂર્તિ કરાવી.

આ ગામ ક્યાં આવ્યું એની શોધ કરવાની જરૂર છે. પંડિત માનદેવ કોઈ યતિ છે, મહાત્મા છે, કે પૂજારી છે એ પ્રશ્નનો જવાબ પણ બહુ જ ગુંચવણ ભર્યો છે. પં. માનદેવે જિનવરેન્દ્ર દેવના મંદિરની જગતીમાં પોતાના ઇષ્ટ રૂપ શ્રી વિનાયકદેવની મૂર્તિ બનાવરાવીને પધરાવી લાગે છે. મને તો આમાં જૈનધર્મના અનુયાયીઓની ઉદારતા, મહાનુભાવતા અને સરલતાની સ્પષ્ટ છાપ દેખાઈ રહી છે. કોઈ પણ અન્ય ધર્મના—અજૈન મંદિરમાં આવી રીતે જૈનમૂર્તિ કોઇએ પધરાવી હોય એવું વાંચવા કે જોવામાં નથી આવ્યું. ત્યારે અહીં જૈન મંદિરની જગતીમાં વિનાયક દેવની—અજૈન દેવની અદ્‌ભુત મૂર્તિ પધરાવવા દેવામાં આવી છે. બાકી પં. માનદેવ કોણ છે એનો ઇતિહાસ શોધવાની જરૂર છે.

આ સિવાય ચાણસ્માના મંદિરની પાછળ બીજા પરિકરણમાં નીચે મુજબ લેખ છે.

(૧) × × × **वैशाख वदि ४ गुरौ जाखणाग्रामे प्रासादजालाया श्रे. दाहकेन सुता मरकीश्रे.**

(૨) **वासुपूज्यबिंबं कारापितं । प्रतिष्ठितं श्रीकमलाकरसूरिभिः**

પરિકર ત્રીજાનો ખંડિત ભાગમાં **श्रीशान्तिनाथबिंबं कारापितं.** આટલું જ વંચાયું છે.

ત્રણે લેખો પડિમાત્રા લીપીમાં છે. ઉપરના લેખમાં આવેલ **જાખણાગ્રામ** અત્યારે પણ ચાણસ્મા પાસે જ આવેલું છે.

ચાણસ્માનું જિનમંદિર ભવ્ય અને દર્શનીય છે. ત્યાં મૂલનાયકજી શ્રી **ભટેવાપાર્શ્વનાથજીની** સુંદર પ્રતિમા છે. વેળુ અને છાણમાંથી બનાવેલી પ્રાચીન મૂર્તિ રમણીય અને દર્શનીય છે. પ્રાચીન તીર્થમાલામાં—

× × × ચાણસમો ધન એ; ભટેવઉ ભગવંત × × ×

( શ્રી. મેઘવિજયજી ઉપાધ્યાયવિરચિત પાર્શ્વનાથનામમાલા પૃ.–૧૫૦ )

**ચાણસમામાં ચિહું** ખંડ જયો × × ×

( પં. શ્રી કલ્યાણસાગરજીવિરચિત પાર્શ્વનાથચૈત્યપરિપાટી )

અર્થાત્ ચાણસમામાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમા બહુ પ્રસિદ્ધ છે.

શ્રી ભટેવાપાર્શ્વનાથજીનો સંક્ષિપ્ત ઇતિહાસ પ્રગટપ્રભાવી પાર્શ્વનાથમાં આપ્યો છે જેનો સાર નીચે પ્રમાણે છે.

"એક શ્રમણોપાસક મહાનુભાવને એવો દૃઢ નિયમ હતો કે નિરંતર શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કર્યા પછી જ ભોજન લેવું. એક પ્રસંગે આ શ્રમણોપાસકને પરદેશ જવાનો પ્રસંગ આવ્યો. રસ્તામાં બીજે દિવસે યાદ આવ્યું કે શ્રી વીતરાગ ભગવંતની પૂજા કર્યા સિવાય જમવું નહિ એવો મ્હારે નિયમ છે તો શું કરવું? ત્રણ દિવસ સુધી તો ઉપવાસ કર્યા, પરન્તુ ક્યાંય જિનમંદિરનાં દર્શન ન થયાં. ચાલતાં ચાલતાં ભટેવા ગામે આવ્યા. તપાસ કરતાં જણાયું કે આટલામાં તો ક્યાંયે જિનમંદિર નથી. પછી એ મહાનુભાવે તળાવમાંથી માટી અને છાણ લઈ જિનપ્રતિમા બનાવી, પોતાની સાથે રહેલા અષ્ટ દ્રવ્યથી ભક્તિપૂર્વક પૂજા કરી ખૂબ આનંદિત થઈ પરમ ભાવના ભાવી. શ્રમણોપાસકની આવી દૃઢ ભક્તિ અને શ્રદ્ધાથી પ્રમુદિત થઈ ત્યાં રહેલ ક્ષેત્રપાલ દેવે પ્રસન્ન થઈ જણાવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે હું તારા ભક્તિભાવનાથી પ્રસન્ન થયો છું. તેં બનાવેલ આ જિનપ્રતિમા વજ્રમય થઈ જશે. ત્યારે શ્રાવકે કહ્યું કે આ તો આપે સારૂં કર્યું, પરન્તુ પ્રતિમાજીને બિરાજમાન કરવા મંદિર જોઈશે અને મારી પાસે એટલું ધન નથી. ત્યારે દેવે કહ્યું તું કાલે આ સ્થાને આવજે, તને વિપુલ ધન પ્રાપ્ત થશે. બીજે દિવસે શ્રાવક ત્યાં આવ્યો અને તેને પુષ્કળ ધનની પ્રાપ્તિ થઈ. પછી ભક્તિપૂર્વક જિનમંદિર બંધાવી પ્રભુજીને પધરાવ્યા. શ્રાવકજીએ જે પ્રતિમાજી બનાવ્યાં હતાં તે પાર્શ્વનાથજીનાં પ્રતિમા હતાં. ભક્તિથી ભગવાન પ્રસન્ન થયા એમ માની પ્રભુજીનું નામ 'ભગતિયા પાર્શ્વનાથજી' રાખ્યું. પરંતુ લાંબા સમયે ગામના નામ ઉપરથી શ્રી ભટેવા પાર્શ્વનાથજી નામ જાહેર થયું. કહે છે કે આ ભટેવા પાર્શ્વનાથજીની ચમત્કારી મૂર્તિ અત્યારે ચાણુસ્મામાં બિરાજમાન છે.''

આપણે ઉપર જોયું તેમ ભટેવા પાર્શ્વનાથજીના તીર્થસ્થાન રૂપે ચાણુસ્મા મશહૂર થયેલું છે.

અત્યારે પણ આ પ્રતિમાજીનો રંગ એવો જ છે કે આ પ્રતિમાજી સામાન્ય પથ્થરમાંથી નહિ કિન્તુ કોઈ અન્ય વસ્તુમાંથી જ બનેલ હશે એમ લાગે છે.

અમે આ મંદિરમાંથી બીજા લેખો લેવાના હતા, પરંતુ તે વખતે ઋતુ એટલી પ્રતિકુલ હતી કે અમે લેખો ન લઈ શકયા. અહીંના ધાતુપ્રતિમાજીના લેખો પૂ. પા. સ્વ. આ. શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ પોતાના ધાતુપ્રતિમાલેખસંગ્રહ ભાગ પહેલામાં આપ્યા છે, એમાં ઠેઠ તેરમી સદીથી વીસમી સદી સુધીના લેખો છે. એ પુસ્તકમાં લેખો આવેલા હોવાથી હું પુનરુક્તિ નથી કરતો. ગામમાં ઉપાશ્રય પાસે જ પં. શ્રી મણિવિજયજી મહારાજનાં પુસ્તકોનો સંગ્રહ છે. તેમજ ગામ બહાર વિદ્યાવાડી છે કે જે પૂ. પા. આચાર્ય શ્રી વિજય-નેમિસૂરીશ્વરજી મહારાજના સદુપદેશનું ફલ છે. ત્યાં નાનું રમણીય જિનમંદિર છે. ધર્મશાળા છે અને આચાર્યશ્રીના શિષ્યરત્નનું સમાધીસ્થાન છે.

## રૂપપરના લેખો

અમે ચાણુસ્મા ગયા તે જ દિવસે બેચાર બાલકોએ કહ્યું: અહીં રૂપપર સરસ ગામ છે, ત્યાં આપણું મંદિર બહુ જ સરસ અને દર્શનીય છે. થાકયા તો હતા જ, છતાંયે બપોરે નીકળ્યા. બાલકો સાથે હતા. ચોવીશ જિનાલયનું સુંદર મંદિર દૂરથી જ જોતાં પરમ આલ્હાદ ઉપજાવે છે. કમભાગ્યે આ ગામમાં શ્રાવકોની વસ્તી જ નથી. શ્રાવકનું માત્ર એક જ ઘર છે. પૂજારી બાવાજી ન્હોતા,—બહાર ગયા હતા. સાથેના એક બાલકે ચાવી લાવી મંદિર ઉઘાડયું, શું સુંદર ભવ્ય પ્રતિમાજી! કેવું અદ્‌ભુત જિનમંદિર! જાણે નાનું દેવવિમાન ઊતરી આવ્યું હોય! પરમ શાંતિ, પરમ શુદ્ધિ અને પરમ સત્ત્વગુણતાભરી હતી. દર્શનાદિ કરી શિલાલેખ જોવા માંડયા. શ્રી મૂલનાયકજી ભગવંતના પરિકર ઉપર નીચે પ્રમાણે લેખ છે.

આ પરિકર કોઈ બીજી મોટી મૂર્તિનું છે.

(૧) ९ **संवत ११२१ श्रीमालवर्क्कटकुले थारापद्रीय**–(ધર્મચક્રનું ચિહ્ન) **संततौ श्रीजपक पारिउहिक × × ग × (को) वहूनिनो नमेः ।**

(૨) **वैराटयानामामुत्तत्पत्नी गुणवती तयाकारी ॥ वम्मी** (ધર્મચક્રનું ચિહ્ન) **बिम्बमेतम् सहदेहसरण देवार्य ॥ अ × × गुरु ...**

લેખ પૂરો વંચાયો નથી. જે વંચાયો છે, તેમાં પણ શંકાસ્થાનો છે, પરંતુ સંવતનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉલ્લેખ જોતાં લગભગ એક હજાર વર્ષ જેટલું જૂનું આ પરિકર તે વખતની સુંદર કારીગરી અને રચનાશિલ્પનું સુંદર પ્રતીક છે. વચ્ચે પ્રાસાદ દેવી છે; બન્ને બાજુ હાથી છે, પછી બન્ને બાજુ વાઘ છે, દેવીની નીચે ધર્મચક્ર, બન્ને બાજુ હરણીયાં, વગેરે એવી સુંદર રીતે આલેખેલ છે કે ઘડીભર જોઈ રહેવાનું મન થાય. આખું પરિકર ભારતીય પ્રાચીન જૈન શિલ્પકલાનો સુંદર નમૂનો છે.

ભમતિમાં ચોવીશ જિનની દેરીઓ છે. કેટલીક મૂર્તિઓમાં ભગવન્તનાં નામો વંચાય છે: સુમતિનાથજી, વિમલનાથજી, ચંદ્રપ્રભુજી, ધર્મનાથજી વગેરે. કેટલીક મૂર્તિઓમાં પ્રતિષ્ઠાપક આચાર્યોનાં નામો પણ દેખાય છેઃ શ્રી રત્નસિંહસૂરિ, શ્રી શાંતિસૂરિ વગેરે. કેટલીક મૂર્તિઓમાં લેખ નથી દેખાતા. દરેક મૂર્તિઓમાં બન્ને બાજુની કોણીઓમાં ટેકા છે. કેટલીક મૂર્તિઓમાં નાસિકા, હાથ કે પગની આંગળી ખંડિત છે. દરેક મૂર્તિઓની નીચે આસનમાં મનોહર ફૂલવેલ કોરેલી છે.

વર્તમાન મૂલનાયકજી શ્રી નમિનાથ ભગવાનની ગાદીનો લેખ નીચે મુજબ છે:

(૧) " **संवत् १५३३ वर्षे पा-**

(२) **षकृष्ण ५ सोमे श्रीश्री**

(३) **मालज्ञातीय पं. पद्मा भा० धमकुसुता कर्माइनाम्न्या सुमातृपितृश्रेयोर्थं श्री×× नमिनाथबिंबं कारितं श्रीपूर्णिमापक्षे × × ×**

(४) **प्रधानशाखायां × य प्रभसूरिणां ५ श्री भुवनप्रभसूरिणामुपदेशेन प्रतिष्ठितं × सं. सूरिभिः ।**

ઉપરના પરિકરનો લેખ જોતાં એમ લાગે છે કે શ્રી નમિનાથજી ભગવંતની વિશાલ મૂર્તિનું એ પરિકર છે. અત્યારે વિદ્યમાન મૂલનાયજી પણ નમિનાથજી ભગવંત છે. કદાચ કારણવશાત્ અથવા તો કોઈ આસમાની સુલતાનીને અંગે પ્રતિમાજી બદલાવવાં પડયાં હશે,– હોય અને એનું એ જ પરિકર રાખી નવી મૂર્તિ બિરાજમાન કરી હોય, પરંતુ મૂલનાયકજી- એ જ નામના રાખ્યાં છે. આ સિવાય મંદિરજીની પાછળના નાના બગીચામાંથી પણ એક પથ્થર મળ્યો હતો જેમાં નીચે પ્રમાણે લેખ છે.

**॥ गणेसाय नमः ॥**

(१) **संवत् १७७४ वर्षे जित ५ वर्षे ज्येष्ट वद ७ सो-**

(२) **मजे देहरो करावा मांड्यो । राजा**

(३) **श्रीश्री अजीतसंघजिराजमां**

(४) **पट्टणसंगपत लहुरी श्री**

(५) **श्रीरतनसिंघजि सुभ भवतु**

(६) **पाटणसंघपत भउरीश्री**

(७) **रतनसंघजि छे । श्री**

આ લેખ આટલું કહે છે–૧૭૭૪ માં અહીં મંદિર બંધાવા માંડયું. અહીંના રાજા- ઠાકોર અજીતસિંહજી છે અને પાટણમાં આ વખતે સંઘપતિ રતનસિંહજી છે. ઠાકોર તો રૂપપરના જ હશે એમ લાગે છે. કારણ કે પાટણ તો તે વખતે મુસલમાન સુબેદારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાથમાં હશે. અથવા તો એમ પણ હોય કે સુબેદારના હાથ નીચે અજીતસિંહજી અહીં ઉપરી તરીકે હોય; બાકી 'અજીતસિંહજીના રાજમાં' આ શબ્દો જો વધુ મહત્ત્વના હોય તો અજીતસિંહજી પાટણનો સુબો પણ હોઈ શકે. ગુજરાતના ઇતિહાસપ્રેમી સાક્ષરો આ તરફ લક્ષ આપી આ ઇતિહાસ ઉપર પ્રકાશ નાંખે એમ . ઇચ્છું છું.

ગામ બહાર જૈન ગૃહસ્થોના ખેત્રણ પાળીયા પણ જોયા. આ ગૃહસ્થો દાનવીર અને યુદ્ધવીર-શૂરવીર હતા. આગળ ઉપર એક મોટું તળાવ છે. કહે છે કે મહારાજા સિદ્ધરાજે આ તળાવ બંધાવ્યું છે. બાંધણી પ્રાચીન છે તેમજ તેના ચારે દિશાનાં પ્રવેશ દ્વારના દરવાજા ઉપરની બેઠકો-ચોકી અને ગરનારાંની બાંધણી પ્રાચીન લાગે છે.

ગુજરાતમાં આવાં ઘણાંયે પ્રાચીન સ્થાનો છે જે ઇતિહાસવિદોની રાહ જુએ છે.

આ લેખો, સ્થાનપરિચયોનો હેતુ પણ એ જ છે કે ગુજરાતનાં આવાં પ્રાચીન સ્થાનોને પ્રકાશમાં મૂકી ગુજરાતના ભૂતકાલીન ગૌરવવંતા ઇતિહાસમાંથી પ્રકાશિત થતી ગુજરાતની અસ્મિતા, ગુજરાતનું ગૌરવ અને ગુજરાતની મહત્તાનાં પ્રકાશકિરણોથી વર્તમાન ગુજરાત, બૃહદ્ગુજરાત અને ભારત કંઈક નવીનતા અનુભવે.

અહીંથી અમે શંખલપુર, બહુચરાજી, રાંધેજા વગેરે સ્થાને થઈ ભોયણી થઈ કડી આવ્યા. કડીની પ્રાચીન ધાતુમૂર્તિના લેખનો પરિચય આપવાનો વિચાર હતો, પરંતુ 'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના ગતાંકમાં પંડિતરત્ન શ્રીયુત લાલચંદ્રભાઇનો ઐતિહાસિક શોધપૂર્વકનો લેખ વાંચી આનંદ થયો. એ પ્રતિમાજી ગયે વર્ષે જ કડી શ્વે. મૂ. જૈન બોર્ડીંગના ઉદ્ઘાટન સમયે પૂ. ગુરુદેવ શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી)ના સદુપદેશથી એ બોર્ડીંગમાં પધરાવેલ છે. —**સંપૂર્ણ.**

આ લેખમાં નીચેની હકીકત ઉમેરવાની સૂચના ઇતિહાસપ્રેમી પૂ. મુ. શ્રી. જયંતવિજયજી તરફથી પત્રદ્વારા મળી છે તે સાભાર અહીં આપું છું—

પંચાસર ગામના ઝાંપાની અંદર જ (હાલના ઉપાશ્રયની નજીકમાં) ત્રણ શિખર યુક્ત એક જિનાલયનું ખંડિયર ઊભું છે. શિખરો તથા મંડપનો કેટલોક ભાગ હજી ઊભો છે, કેટલોક ભાગ પડી ગયેલો છે. આ સ્થાન બહુ પ્રાચીન નથી, પણ બસો ત્રણસો વરસનું બનેલું તો હશે જ. આ સ્થાનનું કંપાઉંડ કરી લીધેલ છે અને તે સંઘના કબજામાં છે. તેનો કડબ-ચાર ભરવામાં ઉપયોગ કરે છે.

હાલના શ્રીશંખેશ્વરજીના મંદિરથી ા થી ાા માઇલ દૂર ચંદુરના માર્ગે જતાં એક ઉંચાણ ટેકરાની તમે જે હકીકત લખી છે, એ જ સ્થાને, હાલમાં ગામમાં જે જૂનું મંદિરનું ખંડિયર ઊભું છે તેની પ્રતિષ્ઠા શ્રીવિજયસેનસૂરિજી મહારાજે સં. ૧૬૫૨ ની આસપાસમાં કરી હતી, તે પહેલાંનું મંદિર, એ ઉંચાણ ટેકરાને સ્થાને હોય એમ લાગે છે.

જૂના હારીજમાં તમે પથ્થરનું મોટું એક જિનમંદિરનું ખંડિયેર હોવાનું લખ્યું છે. તેની પાસે જ પથ્થરના એક નાના જિનમંદિરનું ખંડિયર પણ હતું. સં. ૧૯૮૮ માં અમે બન્ને ખંડિયેરો જોયાં હતાં. ત્યારપછી નવા હારીજમાં નવું મંદિર બનતાં ત્યાંના પથ્થરો લાવીને ઘણા વાપર્યા તેથી હવે કદાચ નાના મંદિરનું ખંડિયર રહ્યું નહિ હોય. આ વખતે અમો જોવા ગયા ન હતા. પ્રાચીન તીર્થમાલાઓમાં હારીજમાં બે જિનમંદિરો હોવાનું લખેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આતરસુંબાસ્થ શ્રીવાસુપૂજ્યજિનવિનતિ

લેખકઃ—કેપ્ટન એન. આર. દાણી, I.M.S., I.A.M.C.

કવિત્વની છટા, કે મનમોહક પદલાલિત્ય વગરનું સાવ પ્રાથમિક કવિતા સમું તદ્દન સાદી ભાષાનું આ વિનતિકાવ્ય, આસામ–બરમાના ભયાનક યુદ્ધ મોરચા ઉપરના લશ્કરની સાથે ડોકટર તરીકેની ફરજ બજાવતા એક નવજુવાન ગુજરાતી જૈન ડાકટરની કૃતિ છે એ એની વિશિષ્ટતા છે. જ્યાં માનવીની પળેપળ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાધા કરતી હોય એવા ભયાનક સ્થળ અને સમયમાં પણ પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરી, બે ઘડી એના પવિત્ર ધ્યાનમાં સ્થિર થઇ, પોતાના ઈષ્ટદેવની પ્રાર્થનાની અભિવ્યક્તિ કરતું આ કાલુંઘેલું કાવ્ય પણ ખરેખર પ્રશંસા માગી લે છે. વ્ય.

આજથી લગભગ સો વર્ષ પૂર્વે આતરસુંબામાં શ્રાવકોની સંખ્યા સારા પ્રમાણમાં (૬૦ થી ૧૦૦ ઘરની) હતી. વૈષ્ણવોનું વધારે બળ અને સાધુ સન્તોનો ઓછો સહવાસ—એ બન્ને કારણોને લીધે દિનપ્રતિદિન શ્રાવકોની સંખ્યા ઘટતી ગઈ, અને આજે તો ભાગ્યે એકાદ બે ઘર શ્રાવકોનાં બાકી રહ્યાં છે. પૂજા ગોઠી કરે છે અને કોઈવાર એકાદ જિનભક્ત અથવા યાત્રાળુ પૂજાનો લાભ લે છે. જ્યારે આવી સ્થિતિ પ્રવર્તતી હતી ત્યારે કપડવંજના શ્રાવકોએ વિચાર કર્યો કે શા માટે મૂર્તિને આપણા ગામમાં લાવીને ન પધરાવવી કે જેથી પૂજા વગેરે સારી રીતે થાય. આ માટે શ્રાવકો મૂર્તિ લેવા માટે આતરસુંબામાં આવ્યા, મૂર્તિને ઉપાડવા ઘણા પ્રયત્નો કર્યા છતાં મૂર્તિ ખૂબ વજનદાર થઈ ગઈ અને ઊઠી શકી નહિ. એટલે આ ચમત્કારિક મૂર્તિ અત્યારે પણ આતરસુંબાના દેરાસરમાં વિદ્યમાન છે. મૂળનાયક બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામીની આ મૂર્તિ છે.

યાત્રા માટે આતરસુંબા જવા માટે તો ભાગ્યે જ કપડવંજ અને આંતરોલી સિવાયના શ્રાવકોએ વિચાર કર્યો હશે. અત્રે યાત્રા માટે આવવામાં મુશ્કેલીઓ ઘણી છે છતાં થોડાક પણ ભાવિક ભક્તોને આ લખાણ ઉપયોગી થશે તોપણ આનંદિત થવા જેવું છે.

આતરસુંબા જવા માટે કપડવંજ (નડીઆદ કપડવંજ રેલ્વે) સ્ટેશને ઊતરવું પડે છે. ત્યાંથી વાહનની વ્યવસ્થા કરવી પડે છે અને બળદગાડી અથવા ઘોડા ઉપર આતરસુંબા જઇ શકાય છે. વાહન કપડવંજ સ્ટેશને મલવું મુશ્કેલ છે એટલે આગળથી આતરસુંબાના વતની સાથે વ્યવસ્થા કરવી પડે છે. કપડવંજ પાસેના દાસલવાડા સ્ટેશનથી ગામ નજદીક પડે છે. અત્રેથી ગામ ૪ ગાઉ દૂર છે જ્યારે કપડવંજથી પાંચ ગાઉ દૂર છે. દાસલવાડા સ્ટેશન માટે પણ વાહનની વ્યવસ્થા અગાઉથી કરવી પડે છે. શ્રીમંતો માટે યાત્રા સુલભ છે. કપડવંજમાં મોટર મલી શકે છે અને તે આતરસુંબા ગમે ત્યારે (વધારે વરસાદ અને નદી, નાળામાં રેલ હોય તે સિવાય) જઇ શકે છે. જતા આવતાના ભાડાની વ્યવસ્થા સાથે ગામમાં ત્રણ ચાર કલાક રોકાઈને પૂજા કરીને કપડવંજ પાછા આવી શકાય તેવી સગવડ મલે તેમ છે. રહેવા માટે દેરાસર સાથે એક નાની ધર્મશાળા છે. અત્રે વાસણ ગોદડાંની વ્યવસ્થા થઈ શકે એમ છે, છતાં યાત્રાળુએ પોતાનો બિસ્તરો સાથે લાવવો એ ઠીક છે. સ્થળ ગામની મધ્યમાં હોવા છતાં શાંત અને રમ્ય છે.

જૈનોની સંખ્યા અતિ અલ્પ હોવા છતાં ગામના લોકોનો દેરાસર અને પ્રભુ પ્રતિનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ બહુ જ સુંદર છે. પર્યુષણના સમયે જૈનો તેમજ જૈનેતરો સાથે રહીને ભાવના ખૂબ ઉલ્લાસથી કરે છે. મ્હારા મામા શ્રી ખોડીદાસ ભુધરદાસ શાહ હંમેશાં જ્યારે જ્યારે જરૂર હોય છે ત્યારે હાર્મોનિયમ લઈ ને આવે છે અને ભક્તિરસમાં સંગીતની સાથે ઓર વધારો કરવામાં ખૂબ મદદ રૂપ બને છે. પોતે અત્યારે વૈષ્ણવ ધર્મ પાળતા હોવા છતાં પ્રભુ પ્રત્યેની ભક્તિ જૈન જેટલા જ સુંદર ભાવથી કરે છે, અને તેમના સંગીતને લીધે દેરાસરમાં પર્યુષણોના દિવસોમાં જે આનંદ અનુભવાય છે એ સંગીતની ગેરહાજરીમાં ન અનુભવાત. પર્યુષણપર્વ પછી નોકારશી દર વર્ષે થાય છે જેમાં જૈનો તેમજ જૈનેતરો સહભોજન પ્રેમથી દેરાસરની ધર્મશાળામાં કરે છે.

આ ગામથી ત્રણ ગાઉ દૂર એક શિવમંદિર છે, જેનું નામ ઉત્કંઠેશ્વર મહાદેવ છે. બીજું સ્થળ અત્રેથી ૬ ગાઉ દૂર છે અને તે સ્થળનું નામ કેદારેશ્વર મહાદેવ છે. કેદારેશ્વરમાં ન્હાની ન્હાની પથ્થરની ટેકરીઓ છે જેમાંથી પાણીનાં ઝરણાં વહ્યાં કરે છે. આ પથ્થરોમાંથી ન દેખાય એવી રીતે ઝરણાંને વાળવામાં આવ્યાં છે જે જલ શિવલિંગને નવરાવીને ગૌમુખમાંથી બહાર નીકળે છે. ભાવિક શિવભક્તો આ સ્થળે સ્નાન કરવામાં ખૂબ આનંદ માને છે અને કૃતકૃત્યતા અનુભવે છે. વધુમાં અત્રે એવી માન્યતા પ્રચલિત છે કે આ સ્થળ (કેદારેશ્વર) એ મહાભારતમાં વર્ણવેલું હેડંબાવન છે. કોઈ પ્રાન્તમાં આવી માન્યતાઓ હોય છે. આસામમાં મ્હારા નિવાસ દરમ્યાન હું એક સ્થળે રહેતો હતો. એ સ્થળનું નામ દિમાપુર છે, જ્યાંથી મનિપુર જવાય છે. આ સ્થળ બંગાળ આસામ રેલ્વેના મનિપુર રોડ સ્ટેશન ઉપર આવેલું છે. આ સ્થળે પથ્થરના કોતરેલા બહુ મોટા સ્તંભો છે અને તે માટેની માન્યતા એવી છે. કે: હેડંબાવન આ પ્રદેશ હતો અને આ પથ્થરનાં સ્મારકો એ હેડંબા રાક્ષસીના મહેલના પાયાના અવશેષો છે. મ્હારા એક મિત્ર શ્રીયુત્ ઉત્સવ પરિખ એમ. એ. જેમને ઐતિહાસિક સંશોધન કરવામાં ઘણું કામ કર્યું છે તેઓશ્રી મ્હને જણાવે છે કે હેડંબાવન એ કેદારેશ્વરના આજુબાજુનો પ્રદેશ હોવાનો સંભવ વધારે છે.

ઉત્કંઠેશ્વર મહાદેવની ઉત્પત્તિ માટે એક દંતકથા છે પરન્તુ આપણને તે ઉપયોગી ન હોવાથી અત્રે તેનું વર્ણન કરતો નથી. આ બન્ને સ્થળો તેમની રમ્યતાને ખાતર પણ નિહાળવા લાયક છે. આતરસુંબાથી વાહનની વ્યવસ્થા થઈ શકે એમ છે.

હું આશા રાખું છું કે આંતરસુંબાનો આ ટૂંક ઇતિહાસ આણંદજી કલ્યાણજીના સંશોધન વિભાગના કાર્યકર્તાઓને ઉપયોગી નિવડશે.

ઉપરના ટૂંક ઇતિહાસનું નિરીક્ષણ કરતાં એમ લાગે છે કે તીર્થસ્થાનોમાં આતરસુંબાનુ નામ શોભે એ અનુચિત નહિ ગણાય.

## શ્રીવાસુપૂજ્યજિન વિનતિ

[ ૧ ]

( રાગ–કરણ રાય તું ક્યાંય રે ગયો. )

જિનજી પ્રભો ! બારમો તું તો, નમું ત્હને હું તો આજ હે વિભો. ૧
ભક્ત તાહરા ઓ પ્રભુ અહીં, મ્હને ન દીસતા નાથ તો કહીં. ૨
ગામ માહરું નાથ છે ઘણુ, રૂડું તે પ્રભુ શું કથા કહું ! ૩
સમય બહુ પરે નાથ ! અહીં હતા, શ્રાવકો ઘણા ભાવથી ભર્યા. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુ–સન્તનો વેગતો અહીં, પ્રભુ ! થયો હવે મંદ તો સહી. ૫
પ્રતિદિન પ્રભુ ! ભક્ત તાહરા, ધર્મને ભૂલ્યા નાથ! શું કહું ? ૬
છતાં અહીં તણું સ્થાન તો પ્રભુ, બહુ ગમ્યું ત્હને નાથ, હે વિભુ ! ૭
ભક્ત તાહરા નગર પાસના, ઈચ્છતા ત્હને કપડવંજના. ૮
ગામ આ પ્રભુ અત્રિથી વસ્યું, શ્રાવકોએ ત્યાં ચૈત્ય તો કર્યું. ૯
યત્ન બહુ કર્યા અન્ય ભક્તોએ, પણ ઊઠે નહીં નાથ મ્હારો એ. ૧૦
નગર આ મહીં મંત્ર તાહરા, ભૂલ્યા ઘણા પ્રભુ! ભક્ત બાપડા. ૧૧
નાથ હું પ્રભુ! મૂઢ છું ખરો, સ્તવું ત્હને હું તો પ્રેમથી પ્રભો! ૧૨
તીર્થ સ્થાનોમાં નામ દીપતું, ગામ આતરસુંબાનું ઘણું. ૧૩
તાર તું પ્રભુ ! તાર મુજને, વિલંબ ના કરીશ નાથ! તું હવે. ૧૪
નાથ દાણીની પ્રાર્થના સુણી, કર કૃપા પ્રભુ ! તેહના ભણી. ૧૫

[ ૨ ]

( રાગ–નાગર વેલીઓ રોપાવ ત્હારા રાજમહેલોમાં. )

વાસુપૂજ્ય તો સોહાય, મ્હારા ગામની માંહે;
જિનજી બારમો સોહાય, મારા ગામની માંહે. ( એ ટેક. ) ૧
ગામ મ્હારું છે રુડું, જે જિનજીને બહુ ગમ્યું;
ત્યાં વસે મ્હારો નાથ, મ્હારા ગામની માંહે. વાસુપૂજ્ય૦ ૨
સમય બહુ લગી હતા રહેતા, શ્રાવકો ભાવી ઘણા;
ત્યાં પ્રભુજી સોહાય, મ્હારા ગામની માંહે. વાસુપૂજ્ય૦ ૩
આજ શ્રાવક ના દીસે, આ ગામમાં તોયે;
એકલ સ્થાનમાં દીપે, મ્હારા નાથ તો આજે. વાસુપૂજ્ય૦ ૪
કાળયોગે સાધુઓનો, મંદ થાયે આવરો;
સંખ્યા બહુ ઘટી જાય, પ્રભુના ભક્તોની ત્યારે. વાસુપૂજ્ય૦ ૫
ભક્તો ઘણા અહીં આવતા, જે સમીપમાં વસતા હતા;
પ્રભુ! મૂર્તિ લેવા કાજ, ત્હારી દુઃખહરનારી. વાસુપૂજ્ય૦ ૬
ભાગ્યોદયે મુજ ગામના, મૂર્તિ થઈ વજ્જર સમી;
ઊઠે ન મ્હારો નાથ, કોડી કોટી ઉપાયે. વાસુપૂજ્ય૦ ૭
આતરસુંબા શોભતું, કો તીર્થ સ્થાન સમું સદા;
જ્યાં વસે મ્હારો નાથ, રમ્ય સ્થાનની માંહે. વાસુપૂજ્ય૦ ૮
દાણી કરવા સ્તુતિ ત્હારી, તુજ ચૈત્ય માંહી આવતો;
તું કરી કરુણા નાથ, એના સામું તો જોજે. વાસુપૂજ્ય૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવચન-પ્રશ્નમાલા

પ્રયોજક-પૂજ્ય આચાર્ય મહારાજ શ્રીવિજયપદ્મસૂરિજી.

( ક્રમાંક ૯૬ થી ચાલુ )

**૫૫ પ્રશ્ન**—સંસારી જીવો આગામી ભવના આયુષ્યનો બંધ અહીં ક્યારે કરે ?

**ઉત્તર**—તમામ નારકી, દેવો, અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા યુગલિક મનુષ્યો અને તિર્યંચો પોતપોતાના આયુષ્યના છેલ્લા છ મહિનાં બાકી રહે ત્યારે આગામી ભવનું આયુષ્ય બાંધે છે. તથા નિરૂપક્રમ અનપવર્ત્તનીય આયુષ્યવાળા પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરો, ત્રણ વિકલેન્દ્રિયો તથા પંચેન્દ્રિય જીવો પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછી ત્રીજા ભાગની શરૂઆતમાં આગામી ભવનું આયુષ્ય બાંધે છે. અને સોપક્રમ આયુષ્યવાળા તમામ જીવો પોતાના આયુષ્યના ત્રીજા ભાગે કે નવમે ભાગે કે સત્તાવીશમા કે એકાશીમા કે ૨૪૩ મા ભાગ વગેરે ભાગમાં આગામી ભવનું આયુષ્ય બાંધે છે. આ વખતે કદાચ ઘોલના પરિણામ ન થાય તો ન પણ બાંધે-પરંતુ તે દરેક જીવોને મરવાની બે ઘડી બાકી હોય ત્યારે તો ઘોલના પરિણામ જરૂર થાય, ને તે વખતે પરભવનું આયુષ્ય જરૂર બાંધે. કારણ કે આગામી ભવનું આયુષ્ય બંધાયા પછી જ મરણ થાય, એવો નિયમ તમામ સંસારી જીવોને લાગુ પડે છે. વિશેષ બીના-શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર, લોકપ્રકાશાદિમાં જણાવી છે. ૫૫.

**૫૬ પ્રશ્ન**—આયુષ્યની બાબતમાં અસંખ્યાત શબ્દનો અર્થ શો કરવો ?

**ઉત્તર**—૮૪ લાખ પૂર્વની ઉપરની સંખ્યા અસંખ્યાત શબ્દથી લેવી, એમ શ્રી કાલ લોકપ્રકાશમાં મહોપાધ્યાય શ્રીવિનયવિજયજી મહારાજે જણાવ્યું છે. ૫૬.

**૫૭ પ્રશ્ન**—આગામી ભવના આયુષ્યને બાંધવાની બાબતમાં અપવર્ત્તનીય અને અનપવર્ત્તનીય આ બે ભેદ પાડવાનું કારણ શું ?

**ઉત્તર**—જે અધ્યવસાયોથી આયુષ્ય બંધાય છે તે અધ્યવસાયો બે પ્રકારના હોય છે: ૧ તીવ્ર અધ્યવસાયો અને ૨ મંદ અધ્યવસાયો. તીવ્ર અધ્યવસાયોથી જે આયુષ્ય બંધાય છે તે આત્મપ્રદેશોની સાથે ગાઢ સંબદ્ધ હોવાથી અનપવર્ત્તનીય હોય છે. એટલે તેનો ઉપક્રમથી ઘડાડો થતો નથી. ને મંદ અધ્યવસાયોથી બંધાયેલું આયુષ્ય અપવર્ત્તનીય હોય છે એટલે તે ઉપક્રમથી ઘટી જાય છે. આ રીતે અધ્યવસાયો બે પ્રકારના હોવાથી આયુષ્યના બે ભેદો પડયા છે. વિશેષ બિના શ્રીતત્ત્વાર્થટીકામાં જણાવી છે. ૫૭.

**૫૮ પ્રશ્ન**—પૂજ્ય શ્રીશિવશર્મસૂરિ મહારાજે કર્મપ્રકૃતિમાં આયુષ્યની ઉદ્વર્ત્તના કહી છે. આ પાઠના આધારે જણાય છે કે આયુષ્ય વધારી શકાય, ને બીજા ગ્રંથોમાં જણાવ્યું છે કે આયુષ્ય વધારી શકાય જ નહિ. આ બે વિચારોમાં સત્ય શું છે ?

**ઉત્તર**—કર્મપ્રકૃતિમાં જણાવ્યું છે-'**आबंधा उव्वट्टइ**' એટલે અંતર્મુહૂર્તમાં આયુષ્ય બંધાય. આ અંતર્મુહૂર્તપ્રમાણ બંધ કાલમાં જે કંઈ ફેરફાર (વધારો કે ઘટાડો) થવાનો હોય તે થઈ જાય, તે અંતર્મુહૂર્ત પૂરું થયા બાદ લગાર પણ આયુષ્યને વધારી શકાય જ નહિ. પણ ઉપક્રમ લાગતાં ઓછું તો થાય. જે કારણથી કર્મનાં સ્થિતિ-રસ વધે તે ઉદ્વર્ત્તના કહેવાય અને સ્થિતિ-રસનું વધવું એ પણ ઉદ્વર્ત્તના કહેવાય. આ પ્રમાણે કર્મપ્રકૃતિના પાઠનું રહસ્ય જાણવું. વળી પૂર્વભવમાં બાંધેલ આયુષ્ય અહીં ભોગવાય છે-તેનો વધારો આ ભવમાં થઈ શકે નહિ. શાસનનાયક શ્રીમહાવીર દેવે ઇંદ્રને સ્પષ્ટ જણાવી દીધું કે "જે થવાનું છે તે થશે જ. આયુષ્યને કોઈનાથી કોઈ પણ ઉપાયે વધારી શકાય જ નહિ." પ્રશ્નમાં જણાવેલા બંને વિચારો વ્યાજબી છે. કર્મપ્રકૃતિનું વચન આયુષ્યના બંધકાલની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપેક્ષાએ વ્યાજબી છે. અને બીજા ગ્રંથોનું વચન-"આયુષ્યનો બંધકાલ વીત્યા બાદ આયુષ્ય વધારી શકાય જ નહિ," આ રીતે વ્યાજબી માનવું. વિશેષ બિના શ્રીકર્મપ્રકૃતિ, સંવેગમાલાદિમાં જણાવી છે. ૫૮.

**૫૯ પ્રશ્ન**—અનાજ વગેરે પદાર્થોમાં રહેલા ઝેરને જાણવાનો ઉપાય શો ?

**ઉત્તર**—ઝેરી પદાર્થને જોઈને જો ચકોર પક્ષી આંખ મીંચી દે, હંસ શબ્દ કરે, મેના ઊલટી કરે, પોપટ વારંવાર ઘોંઘાટ કરે, વાંદરો વિષ્ઠા કરે, કોયલ મરી જાય, ક્રૌંચપક્ષી નાચ કરવા મંડી જાય, ને નોળીયો રાજી થાય, કાગડો મનમાં પ્રીતિ ધારણ કરે, તો સમજી લેવું કે-આ પદાર્થ ઝેરી છે-એમ શ્રી ઉપદેશપ્રાસાદ, પ્રશ્નકૌમુદી વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે. મહાશ્રાવક કવિ ધનપાલને મારવા માટે શત્રુએ રસોડામાં ગુપ્ત રીતે ઝેરી લાડવા મૂકી દીધા. ધનપાલ વગેરે એ જાણતા નથી. આ અરસામાં શ્રી શોભન મુનિજી ઉજ્જયિનીમાં વહોરવા પધાર્યા. ધનપાલ ઝેરી લાડવા વહેરાવે છે, ત્યારે મુનિરાજે લેવાની ના કહી. ધનપાલે કારણ પૂછતાં મુનિવરે જણાવ્યું કે 'આ લાડવા જોઈને ચકોરપક્ષીએ આંખ મીંચી દીધી, આ ઉપરથી મેં જાણી લીધું કે આ લાડવામાં ચોક્કસ ઝેર છે.' આ હકીકત સાંભળીને ધનપાલે મુનિના વિશિષ્ટ જ્ઞાનની બહુ જ અનુમોદના કરીને જૈનધર્મ અંગીકાર કર્યો. ૫૯

**૬૦ પ્રશ્ન**—કોઈ દેવ વગેરે કેવલી ભગવંતોનું સંહરણ કરી શકે ?

**ઉત્તર**—કેવલી ભગવંતોએ વેદ મોહનીયનો ક્ષય કર્યો છે, માટે કોઈ પણ દેવ વગેરે તેમનું સંહરણ કરી શકે નહિ. કેવલજ્ઞાન પામ્યા પહેલાં સંહરણનો નિષેધ કર્યો નથી. એટલે સંહરણ થાય તો સવેદી વગેરેનું થાય. ૧ સાધ્વી, ૨ અવેદી, ૩ પરિહાર વિશુદ્ધિ ચારિત્રવંત મુનિવરો, ૪ પુલાકલબ્ધિવંત જીવો, ૫ અપ્રમત્ત જીવો, ૬ ચૌદપૂર્વી અને ૭ આહારકલબ્ધિવાળા મુનિવરો આ સાતેનું સંહરણ થઈ શકે નહિ-એમ શ્રી ભગવતી ટીકા, તત્ત્વાર્થટીકાદિમાં જણાવ્યું છે. ૬૦

**૬૧ પ્રશ્ન**—સાધ્વીને નવકલ્પી વિહારની મર્યાદા પાળવાની ખરી કે નહિ ?

**ઉત્તર**—મુનિઓને ઉદ્દેશીને નવકલ્પ વિહાર જણાવ્યો છે. સાધ્વીને ઉદ્દેશીને પંચ કલ્પ વિહાર વર્ણવ્યો છે. ચાતુર્માસિક કલ્પ બંનેનો સરખો હોય છે. શેષ આઠ માસમાં બબ્બે માસનો એક કલ્પ ગણતાં ચાર કલ્પ ગણતાં ચાર કલ્પ અને એક ચાતુર્માસિક કલ્પ આ રીતે પંચકલ્પી વિહાર સાધ્વીને હોય છે, એમ શ્રી વ્યવહારસૂત્ર, પંચકલ્પચૂર્ણિ, બૃહત્કલ્પચૂર્ણિ વગેરેમાં જણાવ્યું છે. ૬૧

**૬૨ પ્રશ્ન**—૫૬ દિક્કુમારિકાઓ સ્વર્ગમાં કયાં રહે છે ?

**ઉત્તર**—ભુવનપતિના દશ ભેદોમાં દિશિકુમાર નિકાયમાં તે દિક્કુમારિકાઓ રહે છે. એમ શ્રીઆવશ્યકસૂત્રની મલયગિરિ મહારાજે બનાવેલી ટીકા તથા શ્રીજંબૂદ્વીપપ્રજ્ઞપ્તિની ટીકા વગેરેમાં જણાવ્યું છે. ૬૨

**૬૩ પ્રશ્ન**—શ્રીદેવી કેવા પ્રકારની દેવી છે ?

**ઉત્તર**—તે વ્યંતર નિકાયની અપરિગૃહીતા દેવી છે. ચુલ્લહિમવંત પર્વતના પદ્મદ્રહમાં પણ તે રહે છે. વિશેષ બીના આવશ્યકસૂત્રના ચોથા અધ્યયનની ચૂર્ણિમાં જણાવી છે. ૬૩

**૬૪ પ્રશ્ન**—બધા તીર્થંકરોનું અવધિજ્ઞાન એક સરખું હોય, કે ઓછું વધતું હોય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—જે તીર્થંકરને પાછલા દેવ ભવમાં કે નરકમાં જેટલું અને જેવું અવધિજ્ઞાન હોય, તેટલું અને તેવું અવધિજ્ઞાન લઇને અહીં છેલ્લા ભવમાં આવે છે, તેથી બધા તીર્થંકર દેવોનું અવધિજ્ઞાન એક સરખું ન હોય. ૬૪

**૬૫ પ્રશ્ન**—છેલ્લા ભવમાં બધા તીર્થંકરોનું શ્રુતજ્ઞાન એક સરખું હોય, કે ઓછું વધતું?

**ઉત્તર**—આ શ્રુતજ્ઞાનની બાબતમાં એવો નિયમ છે કે-જ્યારે શ્રી તીર્થંકરદેવો પાછલા ત્રીજા ભવમાં જિનનામ કર્મને: નિકાચિત કરે છે, તે ભવમાં જે તીર્થંકર દેવને જેટલું શ્રુતજ્ઞાન હોય તેટલું શ્રુતજ્ઞાન તેમને છેલ્લા ભવમાં પણ હોય. આ નિયમ પ્રમાણે શ્રી ઋષભદેવનું શ્રુતજ્ઞાન દ્વાદશાંગી પ્રમાણ હતું, ને બાકીના ત્રેવીસ તીર્થંકરોનું શ્રુતજ્ઞાન-અગીઆર અંગ પ્રમાણ હતું, એમ સમજવું. આ વચનને અનુસારે મતિજ્ઞાનની પણ વ્યવસ્થા સમજી લેવી. કારણકે મતિ શ્રુતજ્ઞાન સાથે રહે છે. વિશેષ બીના શ્રી આવશ્યકસૂત્રની ટીકામાં મલયગિર મહારાજે જણાવી છે. ૬૫

**૬૬ પ્રશ્ન**—શ્રી તીર્થંકર દેવો દીક્ષા લીધા પછી ચોથું જ્ઞાન પામે છે, તે મનઃપર્યવ જ્ઞાન બધા તીર્થંકર દેવોનું એક સરખું હોય કે ઓછું વધતું હોય?

**ઉત્તર**—બધા તીર્થંકર દેવોનું મનઃપર્યવ જ્ઞાન એક સરખું હોય; તેમને વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન હોય. જેમ કેવલજ્ઞાન બધા તીર્થંકર દેવોનું એક સરખું હોય, તેમ ચોથું જ્ઞાન પણ તેવું જ હોય. શ્રુતજ્ઞાન અવધિજ્ઞાનમાં જેવો ફરક હોય છે, તેવો ફરક અહીં ચોથા જ્ઞાનમાં ન હોય. વિશેષ બીના શ્રી વિશેષાવશ્યકાદિમાં જણાવી છે. ૬૬

**૬૭ પ્રશ્ન**—જેમ તીર્થંકરો પાછલા ભવના ત્રણ જ્ઞાન સહિત-અહીં છેલ્લા ભવમાં આવે છે, તેમ બીજા ભવ્ય જીવો ત્રણ જ્ઞાન સહિત-આગામી ભવમાં જાય કે નહિ?

**ઉત્તર**—શ્રી તીર્થંકરદેવ સિવાયના જીવો પણ પાછલા ભવના અવધિજ્ઞાન સહિત આગામી ભવમાં જાય છે. આ બાબતમાં દૃષ્ટાંત એ છે કે-પ્રભુ શ્રી શાંતિનાથ પોતે આઠમા ભવમાં વજ્રાયુધ નામના ચક્રવર્તી હતા. તે પાછલા ભવનું અવધિજ્ઞાન લઇને જન્મ્યા હતા. આ બીના શ્રી શાંતિનાથચરિત્રાદિમાં જણાવી છે. શ્રી પ્રજ્ઞાપનાસૂત્રના પાંચમા પદની ટીકામાં અને શ્રી ભગવતીસૂત્રના ત્રીજા શતકના ત્રીજા ઉદ્દેશમાં પણ આ બીના જણાવી છે. ૬૭

**૬૮ પ્રશ્ન**—રાતનો પૌષધ લીધા પછી પાણી પીવાય કે નહિ?

**ઉત્તર**—ન પીવાય, કારણ કે પૌષધ દંડક (પોસહ ઉચ્ચરવાનો પાઠ) ઉચ્ચરાવતી વખતે '**आहारपोसहं सव्वओ**' એમ બોલાય છે. તેનો અર્થ એ છે કે-હું હવે ચારે આહારનો ત્યાગ કરું છું. સવારે જેણે પૌષધ લીધો હોય તે અથવા સવારે પૌષધ ન લીધો હોય તે પણ રાતપોસો (રાત્રિ પૌષધ) ગ્રહણ કરે છે. આ બંને પ્રકારના પૌષધવાળા જીવોને રાતપોસો લીધા પછી પાણી ન પીવાય, એમ શ્રી સેનપ્રશ્નના ચોથા ઉલ્લાસ વગેરેમાં જણાવ્યું છે. ૬૮

**૬૯ પ્રશ્ન**—શ્રીસ્યામાચાર્યજી શ્રીસુધર્માસ્વામીજીની પટ્ટપરંપરામાં કેટલામી પાટે થયા?

**ઉત્તર**—તેવીસમી પાટે થયા, એમ પ્રજ્ઞાપનાસૂત્રની ટીકામાં શ્રી મલયગિરિજીએ જણાવ્યું છે. ૬૯

**૭૦ પ્રશ્ન**—શ્રી સ્યામાચાર્ય મહારાજના ગુરુનું નામ શું?

**ઉત્તર**—દશપૂર્વધર શ્રી ઉમાસ્વાતિ વાચક મહારાજ, જેમણે પ્રજ્ઞાપના સૂત્ર બનાવ્યું. એમ શ્રી ધર્મસાગર ઉપાધ્યાયજીએ તપાગચ્છ પટ્ટાવલીમાં જણાવ્યું છે. ૭૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૭૧ પ્રશ્ન**—દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી પાછલા ભવમાં કોણ હતા?

**ઉત્તર**—સૌધર્મેન્દ્રના પદાતિ કટકના (પાયદળ સૈન્યના) અધિપતિ-'હરિણૈગમેષી' દેવ હતા. દેવાનંદાની કુક્ષિમાંથી લઇને પ્રભુશ્રી મહાવીર દેવને ત્રિશલારાણીની કુક્ષિમાં સ્થાપન કરનાર તે દેવ હતા, એમ શ્રી કલ્પકિરણાવલી વગેરેમાં જણાવ્યું છે. ૭૧

**૭૨ પ્રશ્ન**—ઉપધાનમાં કે પૌષધમાં શ્રાવકે લઘુનીતિ (માત્રું) કરીને આવ્યા પછી ઇરિયાવહી જ કરવા જોઇયે કે પછી ગમણાગમણસૂત્ર પણ બોલવું જોઈએ?

**ઉત્તર**—ઇરિયાવહી વગેરે પ્રકટ લોગસ્સ સુધી કહીને ગમણાગમણસૂત્ર જરૂર બોલવું જોઈએ, એમ આચારમયવીર નામની પ્રાચીન સામાચારીમાં જણાવ્યું છે. ૭૨

**૭૩ પ્રશ્ન**—નિર્ગ્રંથગચ્છના સંસ્થાપક મહાપુરુષ કોણ હતા?

**ઉત્તર**—પ્રભુ શ્રી મહાવીર દેવના અગીઆર ગણધરોમાંના પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામીજીએ નિર્ગ્રંથગચ્છની સ્થાપના કરી હતી, તેથી નિગ્રંથગચ્છના સંસ્થાપક શ્રી સુધર્માસ્વામી મહારાજ હતા, એમ તપાગચ્છીય પટ્ટાવલી વગેરેમાં જણાવ્યું છે. ૭૩

**૭૪ પ્રશ્ન**—આગમોમાં શ્રી સુધર્માસ્વામીજીના જન્માદિનું વર્ણન કઈ રીતે જણાવ્યું છે?

**ઉત્તર**—૧ જન્મસ્થલ-કોલ્લાકસંનિશે (ગામ), ૨ જન્મનક્ષત્ર-ઉત્તરા ફા૦, ૩ જન્મરાશિ-કન્યા, ૪ પિતા-ધમ્મિલ, ૫ માતા-ભદ્દિલા, ૬ ગોત્ર-અગ્નિવેશ્યાયન, ૭ ગૃહસ્થપણાનાં વર્ષ-૫૦, ૮ છદ્મસ્થપર્યાય-૪૨ વર્ષ, ૯ કેવલિપર્યાય-૮ વર્ષ, ૧૦ સર્વાયુષ્ય-૧૦૦, ૧૧ પાંચસો શિષ્યોના અધ્યાપક હત, ૧૨ સંદેહ-જે અહીં જેવો હોય તે મરીને પરભવમાં તેવો થાય વગેરે બીના શ્રીઆવશ્યકનિર્યુક્તિ-દેશનાચિંતામણિ વગેરેમાં જણાવી છે. ૭૪

**૭૫ પ્રશ્ન**—નિર્ગ્રંથગચ્છ કેટલામી પાટ સુધી ચાલ્યો?

**ઉત્તર**—શ્રી સુધર્માસ્વામીજીથી આઠ પાટ સુધી નિર્ગ્રંથ નામથી ગચ્છ ઓળખાયો એમ તપાગચ્છીય પટ્ટાવલી વગેરેમાં જણાવ્યું છે. ૭૫

**૭૬ પ્રશ્ન**—કેટલામી પાટથી કોટિક ગચ્છની શરૂઆત થઈ?

**ઉત્તર**—શ્રી સુધર્માસ્વામીથી નવમી પાટે સુસ્થિતસૂરિ અને સુપ્રતિબદ્ધસૂરિ થયા. તેમનાથી પ્રાચીન નિર્ગ્રંથગચ્છની 'કોટિકગચ્છ' ના નામે પ્રસિદ્ધિ થઈ, એમ પટ્ટાવલી વગેરેમાં જણાવ્યું છે. ૭૬

**૭૭ પ્રશ્ન**—નિર્ગ્રંથગચ્છનું કોટિક નામ પાડયું. એમાં કંઈ કારણ છે?

**ઉત્તર**—આર્ય સુહસ્તિસૂરિજીના શ્રી સુસ્થિત અને સુપ્રતિબદ્ધ નામના બંને શિષ્યોએ ગણધરદેવ શ્રી ગૌતમસ્વામીજીએ કહેલા શ્રી સૂરિમંત્રનો જાપ કાકંદી નગરીમાં ક્રોડવાર કર્યો હતો. આ બીના જાણીને રાજી થયેલા તીર્થસ્વરૂપ શ્રીસંઘે નિર્ગ્રંથ ગચ્છને સ્થાને '**कोटिक**' નામ સ્થાપ્યું, એમ શ્રી તપાગચ્છીય પટ્ટાવલી વગેરેમાં જણાવ્યું છે. ૭૭

**૭૮ પ્રશ્ન**—શ્રી સુસ્થિતસૂરિજીના આયુષ્યાદિની બીના કોઈ ગ્રંથમાં જણાવી છે?

**ઉત્તર**—તપાગચ્છ પટ્ટાવલીમાં જણાવ્યું છે કે-તેમણે ગૃહસ્થપણે ૩૧ વર્ષની ઉંમર વીત્યા બાદ બત્રીશમા વર્ષની શરૂઆતમાં દીક્ષા લીધી. ૧૭ વર્ષ વીત્યા બાદ એટલે દીક્ષા પર્યાય ૧૭ વર્ષનો થયા બાદ ૪૮ વર્ષની ઉંમરે તેઓશ્રી યુગપ્રધાન પદવીને પામ્યા. ત્યાર બાદ ૪૮ વર્ષ સુધી યુગપ્રધાનપણે પૃથ્વીતલ ઉપર વિચરી સ્વ-પર કલ્યાણ કરી શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વી. નિ. સં. ૩૩૯ માં દેવતાઈ ઋદ્ધિને પામ્યા. તેમનું व्याघ्रापत्य ' નામે ગોત્ર હતું. આ હકીકત ઉપરથી જાણી શકાય છે કે—તેમનો ગૃહવાસ ૧ વર્ષ, સંયમપર્યાય ૬૫ વર્ષ, અથવા યુગપ્રધાન પદવી વિનાને। સંયમપર્યાય ૧૭ વર્ષ, યુગપ્રધાનપર્યાય-૪૮ વર્ષ, સર્વાયુ-૬૬ વર્ષ હતું. ૭૮

૭૯ પ્રશ્ન—શ્રી 'જીતમર્યાદા' ગ્રંથના બનાવનાર કોણ હતા ?

ઉત્તર—પૂજ્ય શ્રી શ્યામાચાર્ય મહારાજના શિષ્ય પૂજ્ય શ્રી સાંડિલ્ય મહારાજે 'જીતમર્યાદા' ગ્રંથ બનાવ્યો', એમ તપાગચ્છ પટ્ટાવલી વગેરેમાં જણાવ્યું છે. ૭૯

૮૦ પ્રશ્ન—શ્રી શ્યામાચાર્ય મહારાજનો સ્વર્ગવાસ કઈ સાલમાં થયો ?

ઉત્તર—વીર નિ. સં. ૩૭૬ માં તેમનો સ્વર્ગવાસ થયો એમ શ્રીતપાગચ્છપટ્ટાવલી વગેરેમાં જણાવ્યું છે. ૮૦. (ચાલુ)

# 'आर्य वसुधारा'के सम्बन्धमें विशेष ज्ञातव्य

**लेखक-श्रीयुत अगरचन्दजी नाहटा, बीकानेर**

'श्री जैन सत्य प्रकाश'के गतांकमें डॉ. बनारसीदास जैनका "जैनोंमें धारणीपूजा" शीर्षक लेख प्रकाशित हुआ है उसमें 'आर्य वसुधारा' नामक बौद्ध धारणीको प्रतियां जैन भंडारोंमें उपलब्ध हैं उस पर प्रकाश डाला गया है। कई वर्ष पूर्व डॉ. साहबने इसकी प्रतियें पंजाबके भंडारोंमें उपलब्ध होने पर मेरेसे विशेष ज्ञातव्य पूछा था और मैंने यथाज्ञात सूचनायें दे दी थी। उक्त लेखसे जो कुछ मुझे विशेष ज्ञातव्य है उसे यहां प्रकाशित किया जा रहा है।

**१. 'आर्य वसुधारा'का मूल बौद्ध पाठ**—इसकी एक विशिष्ट प्रति मुझे बीकानेर रियासत वर्ती चुरुकी सुराणा लायब्रेरीमें प्राप्त हुई है जिसमें ६८ पत्र हैं। प्रत्येक पृष्ठमें ४ पंक्तियां हैं। प्रथम पत्रमें उपर नीचेकी दो पंक्तियें स्वर्णाक्षरी एवं मध्यकी रौप्याक्षरी हैं। अक्षर बहुत सुन्दर है। प्रत्येक पंक्तिमें अक्षर नीचे उपरकी पंक्तियोंमें ३८ और मध्य पंक्तियोंमें ३२ अक्षर हैं। अर्थात् ग्रंथाग्रंथ ५७५ के करीब है। पत्र काले रंगके हैं। पीले रंगकी श्याहीसे लिखित होनेसे प्रति बडी ही मनोहर दिखलाई देती है। प्रति मेवाडी सं. ८०४ में लिखित है, अर्थात् १६ वीं शताब्दिकी लिखित है। इसकी आदि-अंत प्रशस्ति आदिके संबंधमें हमने अपने "राजपूतानेकी बौद्ध वस्तुएं" शीर्षक लेखमें दिया है, जो कि 'धर्मदूत' के गत दिसम्बरके अंकमें प्रकाशित है।

**२. जैन भंडारोंमें सबसे प्राचीन प्रति**—'आर्य वसुधारा'की अद्यावधि मेरे अवलोकनमें करीब ५० प्रतियां आई हैं, जिनमेंसे आधी तो मेरे संग्रहालयमें ही विद्यमान हैं। उन सबमें सं. १५४८ की लिखित हमारे संग्रहकी प्रति ही सबसे प्राचीन है जिसका परिचय इस प्रकार ह—

पत्र ३, पंक्ति ८९, प्रतिपंक्ति अक्षर ५६ करीब, अर्थात् ग्रंथाग्रंथ १५५ के करीब है। लेखनप्रशस्ति—"इति श्रीआर्यवसुंधाराधारिणीकल्पः। लिखितश्च ॥ संवत् १५४८ वर्षे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

जेसलमेरुपहाडदुर्गे श्रीखरतरगच्छे श्रीजिनधर्म्मसूरिपट्टालंकार श्रीजिनचन्द्रसूरिवराणामादेशेन वा० देवभद्रगणिवरेण । श्रीवसुधारामंत्रशास्त्रमलेखि श्री ॥ छ ॥ श्री ॥"

इसके पीछेकी सं. १६४७-१६९४की लिखित २ प्रतियें जैसलमेरमें देखी थी व सं. १६७१ की लींबडी भंडारमें है। १८-१९ वीं शताब्दिकी तो अनेक प्रतियें उपलब्ध हैं।

**३. जैन प्रतियोंका पाठ**—बौद्ध वसुधाराकी प्रतिका पाठ देखते हुए जैन विद्वानोंने उसका केवल सार रूप ही अपनाय ज्ञात होता है, मूल रूप ज्योंका त्यां नहीं अपनाया; एवं पीछेसे इसमें परिवर्तन भी होता रहा। अतः जैन भंडारोंकी सब प्रतियोंमें भी पाठ एक समान नहीं है। कई प्रतियोंमें "लोको भगवतो भाषितमभ्यनंदन्निति" इन शब्दोंके साथ प्रति समाप्त होती है तो किसीमें इससे आगे विधि आदि कुछ और भी लिखित है। किसी प्रतिमें इसके मध्यका भाग जिसे 'लघु वसुधारा'की संज्ञा दी गई है (जिसका प्रारंभ "ॐ नमो रत्नत्रयाय" शब्दों द्वारा होता है) लिखा मिलता है।

**४. वसुधाराको जैनोंके अपनानेका कारण**—डॉ. साहेबने इस सम्बन्धमें जो अनुमान लगाया है वह समीचीन नहीं ज्ञात होता। कहाजाता है कि हरिभद्रसूरिजीके शिष्य आते समय इसे बौद्धांसे लाये थे, पता नहीं यह प्रवाद भी कहां तक ठीक है? मेरे नम्र मतानुसार जब तक कोई जैन यति नेपाल गया था ऐसा प्रमाणित न हो जाय, तब तक यहीं यह रचना जैनोंको प्राप्त हुई थी, एवं धन मनुष्यका ११ वां प्राण माना जाता है, इसकी चाह किसे नहीं? अतः श्रावकोंके धन-धान्यादिकी अभिवृद्धिके लिये इसका प्रचार किया-ऐसा मानता उचित है। जैनोंमें भी अन्य गच्छोंकी अपेक्षा खरतरगच्छमें इसका प्रचार अधिक रहा ज्ञात होता है।

**५- वसुधाराकी प्रतियें**—अभीतक मेरी जानकारीमें वसुधाराकी निम्नोक्त प्रतियें जैन भंडारोंमें प्राप्त हैं—

२५ प्रतियां-हमारे संग्रहमें जिनमें ७ अपूर्ण हैं, कई लघु वसुधाराकी भी हैं।
१५ प्रतियां-श्रीपूज्य श्री जिनचारित्रसूरिजीके संग्रहमें है, जिनमेंसे १ में चित्र हैं।
१० प्रतियां-बीकानेरके बडे ज्ञानभंडार एवं अन्य संग्रहालयोंमें।
४ प्रतियां-जयपुरके पंचायती भंडारमें।
७ प्रतियां-कोटाके पंचायती भंडारमें।
७ प्रतियांकी सूची लींबडी भंडारसूचीमें प्रकाशित है।
२ प्रतियां-पाटण भंडारमें होनेका उल्लेख जैन ग्रंथावलीमें है।
२ प्रतियां-जैसलमेर भंडारमें सं. १६४७-१६९४ लिखित।
९ प्रतियां-पंजाब भंडारमें।
२० के करीब अन्य फुटकर भंडारों एवं यतियोंके पास।

इस प्रकार करीब १०१ प्रतियां वसुधाराकी उपलब्ध हैं। इससे इसका प्रचार कितना अधिक रहा यह सहज ज्ञात होता है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

### (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

### (૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

### (૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, નવમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

## ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઇએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"×૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના ( ટપાલ ખર્ચનો દોઢ આનો ).

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only